Saundaryalahari with Gujarati translation

સૌન્દર્યલહરી ગુજરાતી સાર્થ

Document Information

```
Text title : saundaryalahariGujarati
File name : saundaryalahariGujarati.itx
Category : laharI, devii, dashamahAvidyA, shankarAchArya, devI
Location : doc_devii
Latest update : May 24, 2018
Send corrections to : Sanskrit@cheerful.com
```

This text is prepared by volunteers and is to be used for personal study and research. The file is not to be copied or reposted without permission, for promotion of any website or individuals or for commercial purpose.

Please help to maintain respect for volunteer spirit.

Please note that proofreading is done using Devanagari version and other language/scripts are generated using **sanscript**.

October 28, 2019

sanskritdocuments.org

સૌન્દર્યલહરી ગુજરાતી સાર્થ

શ્રીમત્ શંકરાચાર્ય વિરચિત

સરળ ગુજરાતી અનુવાદ સહિત
અનુવાદક : શાંતિકુમાર જયશંકર ભટ્ટ
એમ।એ।,એલએલ,બી,સાહિત્ય-રત્ન

॥ સૌન્દર્યલહરી ॥

આનન્દલહરી (૧-૪૦)

શિવઃ શક્ત્યા યુક્તો યદિ ભવતિ શક્તઃ પ્રભવિતું
ન ચેદેવં દેવો ન ખલુ કુશલઃ સ્પન્દિતુમપિ ।
અતસ્ત્વામારાધ્યાં હરિહરવિરિઞ્ચાદિભિરપિ
પ્રણન્તું સ્તોતું વા કથમકૃતપુણ્યઃ પ્રભવતિ ॥ ૧॥

સ્તુતિ

જો શિવ (પરમાત્મા) શક્તિની સાથે હોય તો જ
સૃષ્ટિની રચના કરી શકે છે અને જે એમ ન હોય
(અર્થાત્ શક્તિ સાથે ન હોય) તો આ દેવ ખરેખર
હલનચલન પણ કરી શકતા નથી। તેથી હરિ, રુદ્ર,
અને બ્રહ્મા વડે પૂજવા યોગ્ય એવી તને પ્રણામ કરવા
માટે કે (તારી) સ્તુતિ કરવા માટે (મારા જેવા)
પુણ્યહીન કેવી રીતે સમર્થ થાય ?

તનીયાંસં પાંસું તવ ચરણપઙ્કેરુહભવં
વિરિઞ્ચિસ્સઞ્ચિન્વન્ વિરચયતિ લોકાનવિકલમ્ ।
વહત્યેનં શૌરિઃ કથમપિ સહસ્રેણ શિરસાં
હરસ્સંક્ષુદ્યૈનં ભજતિ ભસિતોદ્ધૂલનવિધિમ્ ॥ ૨॥

દેવીના પગની રજ

(હે દેવિ) તારા ચરણરૂપી કમળમાં ઉત્પન્ન
થયેલી સૂક્ષ્મ રજને એકઠી કરીને બ્રહ્મા સ્થાવર જંગમાત્મક
અખંડ સૃષ્ટિઓની વિવિધ રચના કરે છે; શેષનાગ
હજાર મસ્તક ઉપર ભારે શ્રમથી એને ધારણ કરે છે
(અને) હર એનો નાશ કરી એની ભસ્મ બનાવી અંગ
પર લગાવે છે।

અવિદ્યાનામન્ત-સ્તિમિર-મિહિરદ્વીપનગરી
   જડાનાં ચૈતન્ય-સ્તબક-મકરન્દ-સ્રુતિઝરી ।
દરિદ્રાણાં ચિન્તામણિગુણનિકા જન્મજલધૌ
   નિમગ્નાનાં દંષ્ટ્રા મુરરિપુ-વરાહસ્ય ભવતિ ॥ ૩॥

પગની રજની શક્તિ
(આ રજ) અજ્ઞાનીઓના હૃદયમાંના અંધકાર
મારે સૂર્યના પ્રકાશને સતેજ કરે છે, જડ લોકો માટે
ચૈતન્ય (રૂપી પુષ્પો) ના ગુચ્છામાંથી ઝરતા રસના
ઝરણાં જેવી છે; દીનજનો માટે ચિંતામણિઓની માળા
છે અને સંસારસાગરમાં ડૂબેલાઓ માટે વિષ્ણુના વરાહ
અવતારના આગળના દાંત (જેવી) છે।

ત્વદન્યઃ પાણિભ્યામભયવરદો દૈવતગણઃ
   ત્વમેકા નૈવાસિ પ્રકટિતવરાભીત્યભિનયા ।
ભયાત્ ત્રાતું દાતું ફલમપિ ચ વાઞ્છાસમધિકં
   શરણ્યે લોકાનાં તવ હિ ચરણાવેવ નિપુણૌ ॥ ૪॥

દેવીના ચરણો
(હે દેવિ) તારા સિવાયના દેવોના સમૂહો બે હાથ
વડે અભયદાન અને વરદાન આપે છે, પરતુ તું તો
એવી છે કે,વરદાન અને અભયદાન અભિનય વડે
પ્રગટ કરતી નથી। (કારણ કે) હે ચૌદ ભુવન માટે
શરણ લેવા લાયક (દેવિ), ભયમાંથી રક્ષણ કરવા અને
વળી ઇચ્છેલા કરતાં પણ વધુ ફળ આપવા માટે તારા
ચરણો જ સમર્થ છે।

હરિસ્ત્વામારાધ્ય પ્રણતજનસૌભાગ્યજનનીં
 પુરા નારી ભૂત્વા પુરરિપુમપિ ક્ષોભમનયત્ ।
સ્મરોऽપિ ત્વાં નત્વા રતિનયનલેહ્યેન વપુષા
 મુનીનામપ્યન્તઃ પ્રભવતિ હિ મોહાય મહતામ્ ॥ ૫॥

દેવીનું અપ્રતિમ સૌંદર્ય
તું પ્રણામ કરનારાઓને ભાગ્યશાળી બનાવતી
હોવાથી ભગવાન વિષ્ણુએ તારી આરાધના કરી હતી।
અને નારી(મોહિની)નું સ્વરૂપ ધારણ કરી ત્રિપુરારિ-
(મહાદેવ)ના ચિત્તને પણ વિચલિત કર્યુ હતું। વળી
કામદેવ પણ તને પ્રણામ કરીને રતિના નયનથી ચુંબન
કરાતા શરીર વડે (અર્થાત્ અત્યંત મનોહર અને
અદશ્ય શરીર વડે) મોટા મોટા મુનિઓના અંતઃ-
કરણમાં પણ મોહ ઉત્પન કરી શકે છે।

ધનુઃ પૌષ્પં મૌર્વી મધુકરમયી પઞ્ચ વિશિખાઃ
 વસન્તઃ સામન્તો મલયમરુદાયોધનરથઃ ।
તથાપ્યેકઃ સર્વં હિમગિરિસુતે કામપિ કૃપામ્
 અપાઙ્ગાત્તે લબ્ધ્વા જગદિદ-મનઙ્ગો વિજયતે ॥ ૬॥

દેવીના કૃપાકટાક્ષ
હે હિમાલયની પુત્રી,(કામદેવનું) ધનુષ્ય
પુષ્પોનું છે, ધનુષ્યની દોરી ભમરાઓની છે,(શબ્દ,
સ્પર્શ, રસ,રૂપ અને ગંધ) પાંચ બાણ છે, વસંત
સામંત છે, મલય પર્વતને પવન યુદ્ધનો રથ છે અને
પોતાને તો શરીર પણ તથી। છતાં તારા કટાક્ષની
જરા જેટલી કૃપા પણ પામીને એકલો (કામદેવ) આ
સારાય જગતને જીતી લે છે।

ક્વણત્કાઞ્ચીદામા કરિકલભકુમ્ભસ્તનનતા
 પરિક્ષીણા મધ્યે પરિણતશરચ્ચન્દ્રવદના ।
ધનુર્બાણાન્ પાશં સૃણિમપિ દધાના કરતલૈઃ
 પુરસ્તાદાસ્તાં નઃ પુરમથિતુરાહોપુરુષિકા ॥ ૭॥

ભૂષણો અને આયુધો સાથે

ખણખણાટ કરતી કેડની મેખલાવાળી, હાથીના
બચ્ચાના કુંભસ્થળ જેવા સ્તનોથી નમેલી,અત્યન્ત
પાતળી કેડવાળી,સોળે કળાએ ખીલેલા ચંદ્ર જેવા
વદનવાળી,હાથોમાં ધનુષ્ય,બાણ,પાશ અને અંકુશ
ધારણ કરેલી અને-ત્રિપુરારિ (મહાદેવ) જેને માટે
ગર્વ ધારણ કરે છે એવી દેવી અમારી સામે (ધ્યાનમાં) રહો।

સુધાસિન્ધોર્મધ્યે સુરવિટપિવાટીપરિવૃતે
મણિદ્વીપે નીપોપવનવતિ ચિન્તામણિગૃહે ।
શિવાકારે મઞ્ચે પરમશિવપર્યઙ્કનિલયાં
ભજન્તિ ત્વાં ધન્યાઃ કતિચન ચિદાનન્દલહરીમ્ ॥ ૮॥

પરમશિવના પલંગમાં સ્થાન
(હે દેવિ!) અમૃતના સમુદ્રની વચમાં કલ્પ-
વૃક્ષોની ઘટાઓથી ઘેરાયેલા મણિદ્વીપ નામનો બેટ
છે, આ બેટમાં કદંબનાં વૃક્ષોનો બગીચો છે। આ
બગીચામાં ચિંતામણિઓનું બનાવેલું ઘર છે। એમાં
કલ્યાણનું સ્વરૂપ ધારણ કરતો પલંગ છે। એમાં પરમ
કલ્યાણરૂપ શય્યામાં તારો નિવાસ છે આવી
ચિત્તના આનંદની લહેરીરૂપી તને જે વિરલ લોકો ભજે છે
તેઓ ધન્ય છે।

મહીં મૂલાધારે કમપિ મણિપૂરે હુતવહં
સ્થિતં સ્વાધિષ્ઠાને હૃદિ મરુતમાકાશમુપરિ ।
મનોઽપિ ભ્રૂમધ્યે સકલમપિ ભિત્વા કુલપથં
સહસ્રારે પદ્મે સહ રહસિ પત્યા વિહરસે ॥ ૯॥

સહસ્રારપદ્મમાં સ્થાન
મૂલાધારચક્રમાં પૃથ્વીતત્ત્વને,મણિપુરચક્રમાં જલ અને
અગ્નિતત્ત્વને તથા સ્વાધિષ્ઠાનચક્રમાં રહેલા અગ્નિ-
તત્ત્વને, હૃદયમાં વાયુતત્ત્વને અને ઉપર (વિશુદ્ધચક્રમાં)
આકાશતત્ત્વને તથા ભ્રૂકુટિની મધ્યમાં મનને
આવી રીતે શક્તિના તમામ માર્ગોને વીંધીને તું હજાર
પાંખડીવાળા કમળમાં (સહસ્રારચક્રમાં) પતિની સાથે

એકાંતમાં વિહરે છે।

સુધાધારાસારૈશ્ચરણયુગલાન્તર્વિગલિતૈઃ
  પ્રપઞ્ચં સિઞ્ચન્તી પુનરપિ રસામ્નાયમહસઃ ।
અવાપ્ય સ્વાં ભૂમિં ભુજગનિભમધ્યુષ્ટવલયં
  સ્વમાત્માનં કૃત્વા સ્વપિષિ કુલકુણ્ડે કુહરિણિ ॥ ૧૦॥

આધારકમાં સ્થાન
હે ગુફામાં રહેનારી (દેવિ), તારા બન્ને ચરણની
અંદરથી ટપકતી અમૃતની ધારાઓની વર્ષાથી તું
પ્રપંચને (બોંતેર હજાર નાડીઓને) સીંચે છે અને
વળી અમૃતના ગુણની અધિકતાને લીધે આધારચક્રમાં
પહોંચી જઇને પાતાની જાતને સર્પના જેવી ગૂંચળા-
ના આકારની બનાવી આધારચક્રમાં (યોગનિદ્રામાં)
નિદ્રાધીન થઈ જાય છે।

ચતુર્ભિઃ શ્રીકણ્ઠૈઃ શિવયુવતિભિઃ પઞ્ચભિરપિ
  પ્રભિન્નાભિઃ શમ્ભોર્નવભિરપિ મૂલપ્રકૃતિભિઃ ।
ચતુશ્ચત્વારિંશદ્વસુદલકલાશ્ચત્રિવલય-
  ત્રિરેખાભિઃ સાર્ધં તવ શરણકોણાઃ પરિણતાઃ ॥ ૧૧॥

શ્રીચક-નિવાસસ્થાન
ચાર શ્રીકંઠ અને પાંચ શિવયુવતીઓ એમ નવ
મૂલ પ્રકૃતિઓ વડે તારા નિવાસસ્થાન માટે ૪૩ ત્રિકોણ
બને છે અને તે શંભુના બિંદુસ્થાનથી અલગ છે। આ
તારું નિવાસસ્થાન ત્રણ વર્તુળો અને ત્રણ રેખાઓ
સહિત (આઠ) વસુ અને (સોળ) કળાઓવાળું છે।

ત્વદીયં સૌન્દર્યં તુહિનગિરિકન્યે તુલયિતું
  કવીન્દ્રાઃ કલ્પન્તે કથમપિ વિરિઞ્ચિપ્રભૃતયઃ ।
યદાલોકૌત્સુક્યાદમરલલના યાન્તિ મનસા
  તપોભિર્દુષ્પ્રાપામપિ ગિરિશસાયુજ્યપદવીમ્ ॥ ૧૨॥

સૌંદર્ય
હે હિમાલયની પુત્રી,તારા સૌદર્યની સરખા-
મણી કરવા માટે બ્રહ્મા વગેરે સહુથી મોટા કવિઓ

ભારે મુશ્કેલીથી કલ્પના કરી શકે છે। તારું સૌદર્ય
જોવાની ઉત્સુકતાને લીધે અપ્સરાઓ ધ્યાનસ્થ થઇ
જાય છે અને તપ વડે પણ મહામુશ્કેલીથી મળી શકે
શિવસાયુજ્યની (સાક્ષાત્કારના દિવ્ય આનંદની)
પદવીને પામે છે।

નરં વર્ષીયાંસં નયનવિરસં નર્મસુ જડં
    તવાપાઙ્ગાલોકે પતિતમનુધાવન્તિ શતશઃ ।
ગલદ્વેણીબન્ધાઃ કુચકલશવિસ્રસ્તસિચયા
    હઠાત્ ત્રુટ્યત્કાઞ્ચ્યો વિગલિતદુકૂલા યુવતયઃ ॥ ૧૩॥

દૃષ્ટિનો મહિમા
(હે દેવિ) કોઇ અતિ વૃધ્ધ હોય,આંખથી કશું
જોવાનો રસ ધરાવતો ન હોય અને કામક્રીડામાં જડ
બની ગયેલો હોય પણ એવા માનવી ઉપર તારી દૃષ્ટિ
પડતાંની સાથે જ તેની પાછળ સેંકડો યુવતીએ દોડે છે અને
તેમની વેણીના બંધ તૂટી જાય છે; સ્તનપ્રદેશ
પરથી વસ્ત્રો સરકી પડે છે; ગળામાંની મોતીની માળાઓ
તૂટી જાય છે અને રેશમી વસ્ત્રો સરી પડે છે। (સ્રી એ
શક્તિનું પ્રતીક છે અને તેથી યુવતીઓના રૂપક દ્વારા
અહીં એનામાં જાગૃત થતી શક્તિઓ સમજવાની છે।)

ક્ષિતૌ ષટ્પઞ્ચાશદ્ દ્વિસમધિકપઞ્ચાશદુદકે
    હુતાશે દ્વાષષ્ટિશ્ચતુરધિકપઞ્ચાશદનિલે ।
દિવિ દ્વિષ્ષટ્ત્રિંશન્મનસિ ચ ચતુષ્ષષ્ટિરિતિ યે
    મયૂખાસ્તેષામપ્યુપરિ તવ પાદામ્બુજયુગમ્ ॥ ૧૪॥

ષટ્ચક્રમાં સૌથી ઉપર સ્થાન
પૃથ્વીતત્ત્વવાળા (મૂલાધારમાં) છપ્પન,પાણીના
તત્ત્વવાળા (મણિપુરસ્થાનમાં) બાવન, અગ્નિતત્વવાળા
(સ્વાધિષ્ઠાનચક્રમાં) બાસઠ, વાયુતત્ત્વવાળા (અનાહત-
ચક્રમાં) ચોપન, આકાશતત્ત્વવાળા (વિશુદ્ધિચક્રમાં)
બાતેર અને મનસ્તત્ત્વવાળા (આજ્ઞાચક્રમાં) ચોસઠ-આવી
રીતે તારાં કિરણો પ્રસિધ્ધ છે અને તેમની ઉપર (સહસ્રાર-

ચક્રમાં) કમળો જેવાં તારાં બન્ને ચરણો રહેલાં છે।

શરજ્જ્યોત્સ્નાશુદ્ધાં શશિયુતજટાજૂટમકુટાં
વરત્રાસત્રાણસ્ફટિકઘટિકાપુસ્તકકરામ્ ।
સકૃન્ન ત્વા નત્વા કથમિવ સતાં સંન્નિદધતે
મધુક્ષીરદ્રાક્ષામધુરિમધુરીણાઃ ભણિતયઃ ॥ ૧૫॥ વર્ ફણિતયઃ

કવિત્વશક્તિ આપનર

શરદઋતુના ચંદ્રના પ્રકાશ શુદ્ધ,ચંદ્ર
સહિત જટાને ગુચ્છ મુગટમાં ધારણ કરતી, હાથમાં
સ્ફટિકની માળા તથા પુસ્તક ધારણ કરીને વરદાન
તથા ભય સામે અભયઢાન આપતી એવી તને જે એક
વાર પણ પ્રણામ ન કરે તે સારા કવિની કવિતા
જેવી મધ,દૂધ અને દ્રાક્ષ જેવી મધુર કવિતા કેવી
રીતે રચે?

કવીન્દ્રાણાં ચેતઃકમલવનબાલાતપરુચિં
ભજન્તે યે સન્તઃ કતિચિદરુણામેવ ભવતીમ્ ।
વિરિઞ્ચિપ્રેયસ્યાસ્તરુણતરશ‍ૃઙ્ગારલહરી-
ગભીરાભિર્વાગ્ભિર્વિદધતિ સતાં રઞ્જનમમી ॥ ૧૬॥

(હે દેવિ) તું મોટા કવિઓનાં કમળોથી
શોભતા વનરૂપી ચિત્ત માટે પ્રભાતના સૂર્યના તડકા
જેવી મધુર છે। તારા આવા લાલાશ પડતા સ્વરૂપનું
ધ્યાન જે સંતો જરા પણ ધરે છે, તેઓ સરસ્વતીની
શક્તિશાળી શૃંગારની લહરીવાળી છતાં ગૂઢ (અર્થ
ધરાવતી) વાણી વડે શ્રોતાઓનાં હૃદયને આનંદિત કરે
છે। (અર્થાત્ ઉપરથી શૃંગારમય હોવા છતાં અંદર
જુદો જ ભાવાર્થ હોય એવી ઉત્તમ કવિતા બનાવે છે।)

સવિત્રીભિર્વાચાં શશિમણિશિલાભઙ્ગરુચિભિઃ
વશિન્યાદ્યાભિસ્ત્વાં સહ જનનિ સંચિન્તયતિ યઃ ।
સ કર્તા કાવ્યાનાં ભવતિ મહતાં ભઙ્ગિરુચિભિઃ
વચોભિર્વાગ્દેવીવદનકમલામોદમધુરૈઃ ॥ ૧૭॥

હે માતા,તારું સ્વરૂપ ચંદ્રકાંત નામના મણિ

જેવું મનોહર છે, જે વશિની વગેરે આઠ સાવિત્રી
સાથે તારું ધ્યાન ધરે છે તે ઉચ્ચ કાટિનાં અને મનો-
હર અર્થ વાળાં કાવ્યો રચી શકે છે અને એના આ
વાણીનો વિલાસ સરસ્વતીના મુખરૂપી કમળને આનંદ
પમાડે તેવા મધુર હોય છે। (આઠ સાવિત્રીઓ-
વશિની, કામેશ્વરી,મોદિની,વિમલા,અરણા,જયિની,
સર્વેશ્વરી ને કૌલિની આ સર્વરોગહર આઠ ખૂણા-
વાળા ચક્રની વાગ્દેવીઓ છે,)

તનુચ્છાયાભિસ્તે તરુણતરણિશ્રીસરણિભિઃ
  દિવં સર્વામુર્વીમરુણિમનિ મગ્નાં સ્મરતિ યઃ ।
ભવન્ત્યસ્ય ત્રસ્યદ્વનહરિણશાલીનનયનાઃ
  સહોર્વશ્યા વશ્યાઃ કતિ કતિ ન ગીર્વાણગણિકાઃ ॥ ૧૮॥

સ્ત્રીને વશ કરવાની શક્તિ આપનાર
તારા શરીરની કાંતિ પ્રભાતનાં સૂર્યની શોભા
જેવી છે અને તેના વડે આકાશ અને પૃથ્વી લાલાશથી
છવાઈ જાય છે। (આવા તારા સ્વરૂપનું)
ધ્યાન ધરે છે તેના વશમાં, જંગલમાં ગભરાયેલા
સુંદર હરણો જેવાં નયનાવાળી ઉર્વશી વગેરે કેટ-
કેટલી અપ્સરાઓ ન આવી જાય ?(અહી અપ્સરાઓ
એટલે માત્ર પ્રેયસ્ તરફ દોરી જતી મનની
ચંચળ વૃત્તિઓ સમજવાની છે।)

મુખં બિન્દું કૃત્વા કુચયુગમધસ્તસ્ય તદધો
  હરાર્ધં ધ્યાયેદ્યો હરમહિષિ તે મન્મથકલામ્ ।
સ સદ્યઃ સંક્ષોભં નયતિ વનિતા ઇત્યતિલઘુ
  ત્રિલોકીમપ્યાશુ ભ્રમયતિ રવીન્દુસ્તનયુગામ્ ॥ ૧૯॥

મુખને બિંદું બનાવીને,એની નીચે બે સ્તનને
બે બિદું બનાવીને હરના અર્ધ ભાગનું ધ્યાન ધરવું
જોઈએ। હે શિવની પટરાણી,આવી રીતે જે તારી
કામકલાનું ધ્યાન ધરે છે એ તરત જ સ્રીઓનાં ચિત્તમાં
ક્ષોભ ઉત્પન્ન કરે છે એ તા ઠીક છે, પણ સૂર્ય અને

ચંદ્ર જેના સ્તન છે એવા ત્રિભુવનને પણ ડોલાવે છે।
(અહી ત્રિભુવનની સરખામણી વિરાટ સ્ત્રી સાથે
કરવામાં આવી છે અને એને ડોલાવનાર અર્થાત્
શક્તિમય બની જનાર માટે સામાન્ય સ્ત્રીઓનું
આકર્ષણ પણ કચાંથી રહે ?)

કિરન્તીમઙ્ગેભ્યઃ કિરણનિકુરમ્બામૃતરસં
   હૃદિ ત્વામાધત્તે હિમકરશિલામૂર્તિમિવ યઃ ।
સ સર્પાણાં દર્પં શમયતિ શકુન્તાધિપ ઇવ
   જ્વરપ્લુષ્ટાન્ દૃષ્ટ્યા સુખયતિ સુધાધારસિરયા ॥ ૨૦॥

વિષમજ્વર હરનાર
જે મનુષ્ય અંગોમાંથી અમૃતરરૂપી કિરણોના
સમૂહને ફેલાવતા તથા ચંદ્રકાંત મણિની મૂર્તિ હોય
એવા તારા સ્વરૂપનું ધ્યાન ધરે છે, તે ગરુડની માફક
સાપના ગર્વનું શમન કરે છે અને પોતાની અમૃત
વરસાવતી (આજ્ઞાચક્રમાં રહેલી નાડીને લીધે)
જોતાંની સાથે જ તાવથી પીડાતા લોકોને સુખ
આપે છે।

તટિલ્લેખાતન્વીં તપનશશિવૈશ્વાનરમયીં
   નિષણ્ણાં ષણ્ણામપ્યુપરિ કમલાનાં તવ કલામ્ ।
મહાપદ્માટવ્યાં મૃદિતમલમાયેન મનસા
   મહાન્તઃ પશ્યન્તો દધતિ પરમાહ્લાદલહરીમ્ ॥ ૨૧॥

પરમ આનંદ આપનાર
(હે દેવિ) તારી કલા વીજળીની રેખા જેવી
પાતળી અને સૂર્ય,ચંદ્ર તથા અગ્નિ તેમાં
રહેલા છે તથા તે ષટ્ચક્રરૂપી કમળોની ઉપર મહાપદ્મ-
(સહસ્રારચક્ર)ના વનમાં રહેલી છે। આ કલાને
મહાપુરુષો માયારૂપી મળથી મુક્ત થયેલા મન વડે
જુએ છે અને પરમ આનંદની લહેરીનો અનુભવ
કરે છે।

ભવાનિ ત્વં દાસે મયિ વિતર દૃષ્ટિં સકરુણા-

મિતિ સ્તોતું વાઞ્છન્ કથયતિ ભવાનિ ત્વમિતિ યઃ ।
તદૈવ ત્વં તસ્મૈ દિશસિ નિજસાયુજ્યપદવીં
મુકુન્દબ્રહ્મેન્દ્રસ્ફુટમકુટનીરાજિતપદામ્ ॥ ૨૨॥

સાયુજય પદ આપનાર
હે ભવાનિ, મારા (જેવા) દાસ પર તારી
દયામય દૃષ્ટિ નાખ ! એમ સ્તુતિ કરવા ઇચ્છનાર
જ્યારે હજી તો હે ભવાનિ.. .. એમ કહે છે ત્યાં
જ તું તેને એવું સાયુજ્યપદ આપે છે કે જે પદની
આરતી બ્રહ્મા,વિષ્ણુ અને ઇંદ્ર પણ પાતાના મુગટના
પ્રકાશથી ઉતારે છે।

ત્વયા હૃત્વા વામં વપુરપરિતૃપ્તેન મનસા
શરીરાર્ધં શમ્ભોરપરમપિ શઙ્કે હૃતમભૂત્ ।
યદેતત્ત્વદ્રૂપં સકલમરુણાભં ત્રિનયનં
કુચાભ્યામાનમ્રં કુટિલશશિચૂડાલમકુટમ્ ॥ ૨૩॥

ગાત્રો
શંભુનું ડાબા ભાગનું શરીર હરી લેવા છતાં
પણ તારૂં મન સંતાષ પામ્યું ન હોય તેથી
અર્ધું શરીર પણ તેં હરી લીધું છે એમ હું માનું
છું; કારણ કે તારું આ આખું શરીર લાલાશ પડતા
રંગથી પ્રકાશે છે, ત્રણ નયનો ધરાવે છે અને બીજનો
ચંદ્ર કેશના મુગટમાં છે।

જગત્સૂતે ધાતા હરિરવતિ રુદ્રઃ ક્ષપયતે
તિરસ્કુર્વન્નેતત્સ્વમપિ વપુરીશસ્તિરયતિ ।
સદાપૂર્વઃ સર્વં તદિદમનુગૃહ્ણાતિ ચ શિવ-
સ્તવાજ્ઞામાલમ્બ્ય ક્ષણચલિતયોર્ભ્રૂલતિકયોઃ ॥ ૨૪॥

સ્વ-આજ્ઞા-પરતંત્ર ત્રિમૂર્તિ
બ્રહ્મા જગતનું સર્જ ન કરે છે,વિષ્ણુ એનું રક્ષણુ
કરે છે અને રુદ્ર એનો સંહાર કરે છે। એ ત્રણેય દેવોને
દૂર કરીને ઇશ્વર પણ પાતાના શરીરને અંતર્ધાન કરે
છે। પછી “સદા” શબ્દ જેમના નામની આગળ છે

એવા સદાશિવ એક ક્ષણ માટે ફરકેલ ભ્રમરરૂપી લતા-
ઓ પાસેથી આજ્ઞા મેળવીને એને પાતાના શરીરમાં
લીન કરે છે। (અર્થાત્ દેવીની આંખ બંધ થવાથી
આપેઆપ સદાશિવની આંખ પણ બિડાઈ જાય છે
અને સમગ્ર વિશ્વ તેમાં સમાઈ જાય છે।)

ત્રયાણાં દેવાનાં ત્રિગુણજનિતાનાં તવ શિવે
  ભવેત્ પૂજા પૂજા તવ ચરણયોર્યા વિરચિતા ।
તથા હિ ત્વત્પાદોદ્વહનમણિપીઠસ્ય નિકટે
  સ્થિતા હ્યેતે શશ્વન્મુકુલિતકરોત્તંસમકુટાઃ ॥ ૨૫॥

ત્રિમૂર્તિની પૂજા થાય એવી દેવીની પૂજા
શિવ,તારા બંને ચરણની જે પૂજા કરવામાં
આવે તેને લીધે તારા ત્રણ ગુણ (સત્ત્વ,રજસ્ અને
તમસ્)માંથી જન્મેલા ત્રણ દેવોની પૂજા થઈ જાય છે।
અને એ બરાબર છે; કારણ કે તારા પગ મૂકવાનું જે
મણિઓથી જડેલું આસન છે,તેની પાસે તેઓ હમેશાં
હાથ જેડીને તથા મુગટ નમાવીને ઊભા રહે છે।

વિરિઞ્ચિઃ પઞ્ચત્વં વ્રજતિ હરિરાપ્નોતિ વિરતિં
  વિનાશં કીનાશો ભજતિ ધનદો યાતિ નિધનમ્ ।
વિતન્દ્રી માહેન્દ્રી વિતતિરપિ સંમીલિતદૃશા
  મહાસંહારેઽસ્મિન્ વિહરતિ સતિ ત્વત્પતિરસૌ ॥ ૨૬॥

કલ્પાંતે પણ જીવંત
જ્યારે મહાપ્રલય થાય છે ત્યારે બ્રહ્મા મૃત્યુ પામે
છે,વિષ્ણુ પણ મરણ પામે છે,યમરાજાનો પણ
નાશ થાય છે। કુબેરનું પણ અવસાન થાય છે।
જેને કયારેય પણ તંદ્રા આવતી નથી એવો મહેંદ્ર
પણ પાતાની ફેલાયેલી (હજાર) આંખો બંધ કરી
દે છે, પણ ત્યારે હે સતિ,તારા આ પતિ સદાશિવ
વિહાર કરે છે।

જપો જલ્પઃ શિલ્પં સકલમપિ મુદ્રાવિરચના
  ગતિઃ પ્રાદક્ષિણ્યક્રમણમશનાદ્યાહુતિવિધિઃ ।

પ્રણામસ્સંવેશસ્સુખમખિલમાત્માર્પણદૃશા
　　સપર્યાપર્યાયસ્તવ ભવતુ યન્મે વિલસિતમ્ ॥ ૨૭॥

બધાં કાર્યમાં દેવીની પૂજા
હું બોલું તે (મંત્રનો) જપ,હાથ વગેરેનું
હલનચલન એ મુદ્રાની રચના,મારી હરફર તે
પ્રદક્ષિણા,ભોજન લેવું તે આહુતિની ક્રિયા, પડ્યા
રહેવું તે પ્રણામ, બધાં સુખોના ઉપભોગ તે આત્મ-
સમર્પણની દૃષ્ટિ - આમ હું જે કંઈ કરું તે તારી પૂજા-
માં ફેરવાઈ જાવ।

સુધામપ્યાસ્વાદ્ય પ્રતિભયજરામૃત્યુહરિણીં
　　વિપદ્યન્તે વિશ્વે વિધિશતમખાદ્યા દિવિષદઃ ।
કરાલં યત્ક્ષ્વેલં કબલિતવતઃ કાલકલના
　　ન શમ્ભોસ્તન્મૂલં તવ જનનિ તાટઙ્કમહિમા ॥ ૨૮॥

દેવીના કુંડળનો મહિમા
અમૃત દુશ્મનના ભયને, વૃદ્ધાવસ્થાને તથા મૃત્યુ-
ને દૂર રાખે છે। આવું અમૃત પીવા છતાં બ્રહ્મા,ઇંદ્ર
વગેરે દેવો વિશ્વમાં (પ્રલયકાળમાં) મૃત્યુ પામે
પણ ભયંકર હળાહળ ઝેર પીનાર શંભુ પર કાળનું
કંઈ ચાલતું નથી,એનું કારણ તારા કાનનાં કુંડળનો
(તારા સતીપણાના પ્રભાવનો) મહિમા છે।

કિરીટં વૈરિઞ્ચં પરિહર પુરઃ કૈટભભિદઃ
　　કઠોરે કોટીરે સ્ખલસિ જહિ જમ્ભારિમુકુટમ્ ।
પ્રણમ્રેષ્વેતેષુ પ્રસભમુપયાતસ્ય ભવનં
　　ભવસ્યાભ્યુત્થાને તવ પરિજનોક્તિર્વિજયતે ॥ ૨૯॥

પતિમિલનની આતુરતા
અચાનક ભગવાન શંકરને તારા નિવાસ્થાન
પર આવેલા જોઈને તેમ જ બ્રહ્મા,વિષ્ણુ તથા ઇંદ્ર
તને પ્રણામ કરી રહ્યા છે એ (જોઈને) તારી દાસી-
ઓ કહે છે કે, “બ્રહ્માના મુગટ ને દૂર રાખો; કૈટભ
રાક્ષસને મારનાર વિષ્ણુના મજબૂત મુગટની (રખે)

ઠોકર લાગે; જમ્ભ નામના રાક્ષસને મારનાર ઇંદ્ર-
ના મુગટને પણ્ બાજુએ રાખો" આવી તારી દાસી-
ઓની વાણી વિજય પામે છે,

સ્વદેહોદ્‌ભૂતાભિર્ઘૃણિભિરણિમાદ્યાભિરભિતો
નિષેવ્યે નિત્યે ત્વામહમિતિ સદા ભાવયતિ યઃ ।
કિમાશ્ચર્યં તસ્ય ત્રિનયનસમૃદ્ધિં તૃણયતો
મહાસંવર્તાગ્નિર્વિરચયતિ નિરાજનવિધિમ્ ॥ ૩૦॥

અષ્ટસિદ્ધિમય કિરણો
હે સેવા કરવા યાગ્ય અને આદિ તથા અંત
વગરની દેવિ,તારા પોતાના દેહમાંથી બધી બાજુથી
અણિમા વગેરે સિદ્ધિનાં કિરણો નીકળે છે।
આવા તારા સ્વરૂપનું જે ભક્ત,"તું તે હું છું"
એમ માની હમેશાં ધ્યાન ધરે છે (તારી સાથે
તન્મય બની જાય છે),આરતી પ્રલયકાળનો
અગ્નિ ઉતારે છે।

ચતુષ્ષષ્ટ્યા તન્ત્રૈઃ સકલમતિસંધાય ભુવનં
સ્થિતસ્તત્તત્સિદ્ધિપ્રસવપરતન્ત્રૈઃ પશુપતિઃ ।
પુનસ્ત્વન્નિર્બન્ધાદખિલપુરુષાર્થૈકઘટના-
સ્વતન્ત્રં તે તન્ત્રં ક્ષિતિતલમવાતીતરદિદમ્ ॥ ૩૧॥

દેવીનું તંત્ર
ચોસઠ સિદ્ધાંતો(તંત્રો)ની સિદ્ધિઓનો આધાર
એ સિદ્ધિઓના જન્મ પર રહેલા છે (અર્થાત્ જ્યાં
સુધી સિદ્ધિઓ મળે નહી ત્યાં સુધી પુરુષાર્થ નકામો
જાય છે)-આવા પ્રકારની રચના કરીને સારાય
(માયામય) જગતને છેતરીને ભગવાન શંકર સ્થિર
થઈ ગયા, પણ તારા આગ્રહને લીધે તારા
સ્વતન્ત્ર (તંત્ર) સિદ્રાંતને (તમામ પુરુષાર્થની સિદ્ધિ
મળે-તમામ આરાધનાનું કેળ મળે એ માટે) પૃથ્વીના
પટ પર ઉતાર્યા।

શિવઃ શક્તિઃ કામઃ ક્ષિતિરથ રવિઃ શીતકિરણઃ

સ્મરો હંસઃ શક્રસ્તદનુ ચ પરામારહરયઃ ।
અમી હૃલ્લેખાભિસ્તિસૃભિરવસાનેષુ ઘટિતા
ભજન્તે વર્ણાસ્તે તવ જનનિ નામાવયવતામ્ ॥ ૩૨॥

દેવીમંત્ર
શિવ (કકાર), શક્તિ (ઐકાર), કામ (ઇકાર),
પૃથ્વી (લકાર) અને સૂર્ય (હકાર), ચંદ્ર (સકાર),
સ્મર (કકાર), હંસ (હકાર), ઇંદ્ર (લકાર) અને
ત્યાર બાદ પરાશક્તિ (સકાર), માર (કકાર) અને હરિ
(લકાર) આ ત્રણેયના અંતમાં ૩ હૃલ્લેખાઓ
તારા નામના અવયવસ્વરૂપ અક્ષરોને સાધકો ભજે છે,
(અહીં હાદિ લોપામુદ્રાના મંત્રનો ઉલ્લેખ છે, જેના
પંદર અક્ષરો છે।)

સ્મરં યોનિં લક્ષ્મીં ત્રિતયમિદમાદૌ તવ મનો-
ર્નિધાયૈકે નિત્યે નિરવધિમહાભોગરસિકાઃ ।
ભજન્તિ ત્વાં ચિન્તામણિગુનનિબદ્ધાક્ષવલયાઃ
શિવાગ્નૌ જુહ્વન્તઃ સુરભિઘૃતધારાહુતિશતૈઃ ॥ ૩૩॥

કામદેવ,ભુવનેશ્વરી તથા શ્રીબીજ એ ત્રણેને
પહેલાં તારા મંત્રમાં જોડીને,હે આદિ અને અંત
વગરની દેવિ,શાશ્વત સુખ અનુભવવા ઇચ્છનારા
ચિત્કલારૂપી મણિઓને ત્રિગુણ(સત્ત્,રજસ
તમસ)ના દોરામાં પરોવી અમર માળા ધારણ કરે છે
અને (કુંડલિનીના મુખરૂપી) શિવાગ્નિમાં (હવન-
કુંડમાં) કામધેનુના ઘીની સેંકડો આહુત્તિઓ આપીને
તને ભજે છે।

શરીરં ત્વં શમ્ભોઃ શશિમિહિરવક્ષોરુહયુગં
તવાત્માનં મન્યે ભગવતિ નવાત્માનમનઘમ્ ।
અતશ્શેષશ્શેષીત્યયમુભયસાધારણતયા
સ્થિતઃ સંબન્ધો વાં સમરસપરાનન્દપરયોઃ ॥ ૩૪॥

શિવ-શક્તિનો સંબંધ
હે ભગવતિ, હું માનું છું કે,તું જ શંભુનું

શરીર છે અને ચંદ્ર તથા સૂર્ય તારા બંને સ્તન છે
તથા તારો આત્મા એ જાણે કે શંકરનો નવો આત્મા
છે। એટલે તમે બંને પરાશક્તિ અને આનંદ એકરસ
બની ગયાં હોવાથી તમારા સંબંધ શેષ અને શેષી
જેવો છે (એકાત્મભાવવાળો છે।)

મનસ્ત્વં વ્યોમ ત્વં મરુદસિ મરુત્સારથિરસિ
  ત્વમાપસ્ત્વં ભૂમિસ્ત્વયિ પરિણતાયાં ન હિ પરમ્ ।
ત્વમેવ સ્વાત્માનં પરિણમયિતું વિશ્વવપુષા
  ચિદાનન્દાકારં શિવયુવતિ ભાવેન બિભૃષે ॥ ૩૫॥

દેવીની સર્વત્ર વ્યાપકતા
શિવની યુવતી,તું મન છે,તું આકાશ છે,
તું પવન છે અને પવન જેનો સારથિ છે એવો અગ્નિ
પણ તું છે,તું પાણી છે અને તું ભૂમિ છે। તારા
(પ્રકૃત્તિના) વિસ્તારની બહાર કશું જ નથી। તેં પોતે
જ પોતાનો વિસ્તાર કરવા માટે વિશ્વરૂપી દેહ વડે
બ્રહ્મસ્વરૂપનો વિસ્તાર કર્યો છે।

તવાજ્ઞાચક્રસ્થં તપનશશિકોટિદ્યુતિધરં
  પરં શમ્ભું વન્દે પરિમિલિતપાર્શ્વં પરચિતા ।
યમારાધ્યન્ ભક્ત્યા રવિશશિશુચીનામવિષયે
  નિરાલોકેऽલોકે નિવસતિ હિ ભાલોકભવને ॥ ૩૬॥

આજ્ઞાચક્ર
(હે દેવિ) તારા આજ્ઞાચક્રમાં રહેલા અને અગ-
ણિત સૂર્ય અને ચંદ્રના પ્રકાશ ધારણ કરનારા પરમ
શિવને હું વંદન કરું છુ ડે, જેમના ડાબો ભાગ પરમ
ચૈતન્યરૂપ (પાર્વતી સાથે) સાવ મળી ગયો છે। આવા
પરમ શિવની જે ભક્તિપૂર્વક આરાધના કરે છે તે
જયાં સૂર્ય, ચંદ્ર અને અગ્નિ ન હોય એવા અદૃશ્ય
એકાંતમય પ્રકાશમય જગતમાં (સહસ્રારચક્રમાં)
નિરાંતે વસે છે,

વિશુદ્ધૌ તે શુદ્ધસ્ફટિકવિશદં વ્યોમજનકં

શિવં સેવે દેવીમપિ શિવસમાનવ્યવસિતામ્ ।
યયોઃ કાન્ત્યા યાન્ત્યાઃ શશિકિરણસારૂપ્યસરણે-
વિધૂતાન્તર્ધ્વાન્તા વિલસતિ ચકોરીવ જગતી ॥ ૩૭॥

વિશુદ્ધિચક્ર

તારા વિશુદ્ધિચક્રમાં આકાશતત્ત્વના જનક,શુદ્ધ
સ્ફટિક જેવા સ્વચ્છ શિવની નિર્ગુણ શિવ સમાન જ
રહેલી દેવીની પણ હું સેવા કરું છું। આ બંનેની
ચંદ્રનાં કિરણો જેવી કાંતિથી ત્રણેય લોક પાતાનો
(અજ્ઞાનરૂપી) અંદરના અંધકાર નાશ પામવાથી
ચકોરી માફક આનંદી બને છે।

સમુન્મીલત્ સંવિત્ કમલમકરન્દૈકરસિકં
ભજે હંસદ્વન્દ્વં કિમપિ મહતાં માનસચરમ્ ।
યદાલાપાદષ્ટાદશગુણિતવિદ્યાપરિણતિ-
ર્યદાદત્તે દોષાદ્ ગુણમખિલમદ્ભ્યઃ પય ઇવ ॥ ૩૮॥

અનાકતચક્ર

વિકસતા જ્ઞાનરૂપી કમળમાંથી નીકળતા રસના
શોખીન અવર્ણનીય અને મહાપુરુષોના મનમાં કરનારા
હંસના યુગલની હું આરાધના કરુ છું। આ યુગલના
અવાજથી ૧૮ વિદ્યાઓના વિકાસ થાય છે અને આ
યુગલ પાણીમાંથી દૂધ કાઢી લે તેમ દોષમાંથી બધાય
ગુણને કાઢી લે છે।

તવ સ્વાધિષ્ઠાને હુતવહમધિષ્ઠાય નિરતં
તમીડે સંવર્તં જનનિ મહતીં તાં ચ સમયામ્ ।
યદાલોકે લોકાન્ દહતિ મહતિ ક્રોધકલિતે
દયાર્દ્રા યા દૃષ્ટિઃ શિશિરમુપચારં રચયતિ ॥ ૩૯॥

સ્વાધિષ્ઠાનચક્ર

હે જનનિ,તારાં સ્વાધિષ્ઠાનચક્રમાં અગ્નિતત્ત્વને
હમેશાં બરાબર સ્થાપીને, જે સંવર્તાગ્નિ છે તેની તથા
એ મહતી સમયાદેવીની હું આરાધના કરું છું।જયારે
સંવર્તાગ્નિ (પ્રલયનો અગ્નિ) કોધભરી નજરથી ત્રણેય

લોકોને સળગાવી દેવા માંડે છે,ત્યારે આ સમયાદેવીની
દયાર્દ્ર નજરથી એમને ઠંડક વળે છે।

તટિત્ત્વન્તં શક્ત્યા તિમિરપરિપન્થિફુરણયા
 સ્ફુરન્નાનારત્નાભરણપરિણદ્ધેન્દ્રધનુષમ્ ।
તવ શ્યામં મેઘં કમપિ મણિપૂરૈકશરણં
 નિષેવે વર્ષન્તં હરમિહિરતપ્તં ત્રિભુવનમ્ ॥ ૪૦॥

મણિપુરચક્ર

તારા મણિપુરચક્રના શરણમાં ગયેલા શ્યામ
મેઘોનું રૂપ ધારણ કરનારા કં નામના જલની પણ હું
સેવા કરું છું કે, જેમાં અંધકારની દુશ્મન વીજળીની
ચમક આભૂષણોમાં જડેલાં વિવિધ રત્નોની ચમકની
માફક ઇંદ્રધનુષ્યનું રૂપ ધારણ કરે છે અને જે અગ્નિને
સૂર્યના તાપથી તપી ગયેલા ત્રિભુવન પર વર્ષા કરે છે।

તવાધારે મૂલે સહ સમયયા લાસ્યપરયા
 નવાત્માનં મન્યે નવરસમહાતાણ્ડવનટમ્ ।
ઉભાભ્યામેતાભ્યામુદયવિધિમુદ્દિશ્ય દયયા
 સનાથાભ્યાં જજ્ઞે જનકજનનીમજ્જગદિદમ્ ॥ ૪૧॥

આધારચક્ર

(હે દેવિ) લાસ્ય નૃત્યમાં તલ્લીન બનેલી સમયા-
દેવીનું અને નવ રસ ધરાવતા અદ્ભુત તાંડવના નૃત્ય-
કાર આનંદભૈરવનું ચિંતન હું મૂલાધારચક્રમાં કરૂં
છું। આ બન્ની દયા કરીને જગતને ઉત્પન્ન કર્યું
હોવાથી જગતને માતા અને પિતા પણ મળી ગયાં
એમ હું માનું છું।

સૌન્દર્યલહરી

ગતૈર્માણિક્યત્વં ગગનમણિભિઃ સાન્દ્રઘટિતં
 કિરીટં તે હૈમં હિમગિરિસુતે કીર્તયતિ યઃ ।
સ નીડેયચ્છાયાચ્છુરણશબલં ચન્દ્રશકલં
 ધનુઃ શૌનાસીરં કિમિતિ ન નિબધ્નાતિ ધિષણામ્ ॥ ૪૨॥

દેવીનો મુગટ

હિમાલયની પુત્રી,તારા સોનાના મુગટમાં
આકાશના અનેક મણિઓ (તારાઓ) જડવામાં
આવ્યા છે આને તેમાં પૃથ્વીના માળા જેવો ચંદ્રને
ટુકડો (બીજનો ચંદ્ર) મણીઓના પ્રકાશથી ચમકે
છે। (બીજના આ ચંદ્ર પર મુગટના વિવિધ મણિઓ-
ના પ્રકાશ પડવાથી તે ઇંદ્રધધનુષ્ય જેવો દેખાતો
હોવાથી) આવા મુગટનું વર્ણન કરનારા એમ કેમ
નહીં માને કે,આ તો ઇંદ્રધનુષ્ય છે ?

ધુનોતુ ધ્વાન્તં નસ્તુલિતદલિતેન્દીવરવનં
ઘનસ્નિગ્ધશ્લક્ષ્ણં ચિકુરનિકુરુમ્બં તવ શિવે ।
યદીયં સૌરભ્યં સહજમુપલબ્ધું સુમનસો
વસન્ત્યસ્મિન્ મન્યે વલમથનવાટીવિટપિનામ્ ॥ ૪૩॥

દેવીના કેશ
હે શિવે ! તારા ભરચક,ચમકતા અને મુલાયમ
કેશ ભૂરા કમળના વન જેવા (લાગે) છે,આ કેશ-
ના સમૂહે અમારા (અજ્ઞાનરૂપી) અંધકારને દૂર કરો।
ઇંદ્રના બગીચાના કલ્પવૃક્ષનાં પુષ્પો આ કેશમાંથી
કુદરતી સુગંધ પ્રાપ્ત કરવા આ કેશમાં જ આવી
વસ્યાં છે।

તનોતુ ક્ષેમં નસ્તવ વદનસૌન્દર્યલહરી-
પરીવાહસ્રોતઃસરણિરિવ સીમન્તસરણિઃ ।
વહન્તી સિન્દૂરં પ્રબલકબરીભારતિમિર-
દ્વિષાં બૃન્દૈર્બન્દીકૃતમિવ નવીનાર્કકિરણમ્ ॥ ૪૪॥

દેવીનો સેંથો
(હે દેવિ) સિંદૂરથી ભરેલો તારો સેંથો તારા
મુખના સૌંદર્યની લહેરીના પ્રવાહનો માર્ગ છે અને
તે અમારું કલ્યાણ કરો। ભરચક અંબોડાના શ્યામ
રંગમાં આ સેંથો જાણે દુશ્મનોના સમૂહોએ પ્રભાતના
સૂર્યનાં કિરણોને બંદીવાન બનાવ્યાં હોય એવો
લાગે છે।

અરાલૈઃ સ્વાભાવ્યાદલિકલભસશ્રીભિરલકૈઃ
    પરીતં તે વક્ત્રં પરિહસતિ પઙ્કેરુહરુચિમ્ ।
દરસ્મેરે યસ્મિન્ દશનરુચિકિઞ્જલ્કરુચિરે
    સુગન્ધૌ માદ્યન્તિ સ્મરદહનચક્ષુર્મધુલિહઃ ॥ ૪૫॥

દેવીના કેશ અને દાંત

(હે દેવી) કુદરતી રીતે જ વાંકડિયા તારા
વાળ નાના ભમરા જેવા શોભાયમાન છે। આવા
વાળથી ઘેરાયેલું તારું મુખ કમળના સૌંદર્યની
મશ્કરી કરે છે।   આ મુખની અંદરના મનોહર દાંત,
હળવા સ્મિતને લીધે પુંકેસર જેવા મનોહર દેખાય છે,
(લાલ હોઠનું પ્રતિબિંબ પડવાથી) અને તે કામદેવને
બાળી નાખનાર (ભગવાન શંકર)નાં નયનારૂપી ભમરા-
સુગંધમાં મસ્ત બનાવે છે।

લલાટં લાવણ્યદ્યુતિવિમલમાભાતિ તવ ય-
    દ્દ્વિતીયં તન્મન્યે મકુટઘટિતં ચન્દ્રશકલમ્ ।
વિપર્યાસન્યાસાદુભયમપિ સંભૂય ચ મિથઃ
    સુધાલેપસ્યૂતિઃ પરિણમતિ રાકાહિમકરઃ ॥ ૪૬॥

દેવીનું લલાટ

(હે દેવિ), તારું લલાટ સૌંદર્યની ચમકની
પવિત્રતાથી પ્રકાશે છે અને મને લાગે છે કે,તેં જાણે
મુગટ ધારણ કરેલો ચંદ્રનો ટુકડો (બીજનો
ચંદ્ર) છે। (કેશમાં રહેલો એક બીજના ચંદ્ર) અને
આ બીજો (બીજને ચંદ્ર) એમ બન્ને એકબીજાથી
ઊલટા બની જઈને અમૃતના રસથી જોડાઈ જાય છે।
અને જાણે કે એમાંથી પૂર્ણ ચંદ્ર બન્યો છે।

ભ્રુવૌ ભુગ્ને કિંચિદ્ભુવનભયભઙ્ગવ્યસનિનિ
    ત્વદીયે નેત્રાભ્યાં મધુકરરુચિભ્યાં ધૃતગુણમ્ ।
ધનુર્મન્યે સવ્યેતરકરગૃહીતં રતિપતેઃ
    પ્રકોષ્ઠે મુષ્ટૌ ચ સ્થગયતિ નિગૂઢાન્તરમુમે ॥ ૪૭॥

દેવીની ભ્રમરો

હે જગતના ભયના નાશ કરવામાં આનંદ લેનારી
ઉમા, તું જયારે જરા ભ્રમર ચડાવે છે ત્યારે હું તેને
કામદેવે ડાબા હાથમાં લીધેલા ધનુષ્યની ઉપમા આપું
છું; કારણ કે એની પણછ (દોરી) મનોહર ભમરા-
ઓરૂપી નેત્રોની બનેલી છે અને એને મધ્યભાગ મુઠ્ઠી
અને હથેળીની નીચે છુપાવી રાખ્યો છે।

અહઃ સૂતે સવ્યં તવ નયનમર્કાત્મકતયા
 ત્રિયામાં વામં તે સૃજતિ રજનીનાયકતયા ।
તૃતીયા તે દૃષ્ટિર્દરદલિતહેમામ્બુજરુચિઃ
 સમાધત્તે સંધ્યાં દિવસનિશયોરન્તરચરીમ્ ॥ ૪૮॥

દેવીની દષ્ટિ
(હે દેવિ),તારું જમણું નયન સૂર્યાત્મક હોવાથી
દિવસ બનાવે છે અને ડાબું નયન ચંદ્રાત્મક હોવાથી
રાત્રિ બનાવે છે તથા તારું ત્રીજું નયન જરાક ખીલેલા
(તપાવેલા) સોનાના કમળ જેવું મનાહેર છે અને તે
દિવસ અને રાતની વચ્ચે રહેલી સંધ્યા બનાવે છે।

વિશાલા કલ્યાણી સ્ફુટરુચિરયોધ્યા કુવલયૈઃ
 કૃપાધારાધારા કિમપિ મધુરાભોગવતિકા ।
અવન્તી દૃષ્ટિસ્તે બહુનગરવિસ્તારવિજયા
 ધ્રુવં તત્તન્નામવ્યવહરણયોગ્યા વિજયતે ॥ ૪૯॥

(હે દેવિ) તારી દષ્ટિ વિશાળ અને કલ્યાણકારક
છે, તેનું સૌંદર્ય સ્પષ્ટ હોવાથી કમળોથી પણ વધુ
સુંદર છે। તે કૃપાના પ્રવાહને આધાર આપે છે। તે વર્ણન
ન થઈ શકે એવી મધુર, લાંબી, રક્ષણ કરનારી અને
અનેક નગરોના વિસ્તાર પર વિજય મેળવનારી છે અને
તેથી જ તે તે નામથી (અર્થાત્ વિશાલા, કલ્યાણી,
અયોધ્યા, ધારા, મધુરા, ભોગાવતી, અવંતી અને
વિજયા) ઓળખાવી શકાય છે। આવી તારી દષ્ટિ
અચૂક વિજય પામે છે।

કવીનાં સંદર્ભસ્તબકમકરન્દૈકરસિકં

કટાક્ષવ્યાક્ષેપભ્રમરકલભૌ કર્ણયુગલમ્ ।
અમુઞ્ચન્તૌ દૃષ્ટ્વા તવ નવરસાસ્વાદતરલા-
વસૂયાસંસર્ગાદલિકનયનં કિંચિદરુણમ્ ॥ ૫૦॥

(હે દેવિ) તારા બન્ને કાન કવિનાં કાવ્યો-
રૂપી ગુચ્છામાંથી નીકળતા રસના શોખીન છે અને
આ તારા કાન નવ રસના આસ્વાદથી ચેતનમય
બનેલા છે। તથા ભમરા જેવા કટાક્ષ ફેકતાં નયનનો
સાથ છોડતા નથી। આ જોઈને ઈર્ષ્યાને લીધે તારું
લલાટ પરનું નેત્ર જરા લાલ બને છે।

શિવે શઙ્ગારાર્દ્રા તદિતરજને કુત્સનપરા
સરોષા ગઙ્ગાયાં ગિરિશચરિતે વિસ્મયવતી ।
હરાહિભ્યો ભીતા સરસિરુહસૌભાગ્યજયિની
સખીષુ સ્મેરા તે મયિ જનની દૃષ્ટિઃ સકરુણા ॥ ૫૧॥

(હે જનનિ) તારી દષ્ટિ શિવ તરફ શૃંગાર-
વાળી છે। શિવના વિરોધીએ તરફ ઘણુ કરનારી
બિભત્સ રસવાળી છે), ગંગા તરફ ગુસ્સાવાળી
(રૌદ્ર રસવાળી છે), શિવની (ત્રિપુરવિજય વગેરે
પરાકમોની) કથા તરફ વિસ્મયવાળી છે (અદ્ભુત-
રસવાળી છે), શિવના સાપથી ભયભીત બનેલી છે
(ભયાનક રસવાળી છે), કમળની લાલાશને જન્મ
આપે છે (વીરરસવાળી છે), સખીઓ તરફ સ્મિત-
વાળી છે (હાસ્યરસવાળી છે) મારા તરફ
કરુણામય છે (શાંત રસવાળી છે)।

ગતે કર્ણાભ્યર્ણં ગરુત ઇવ પક્ષ્માણિ દધતી
પુરાં ભેત્તુશ્ચિત્તપ્રશમરસવિદ્રાવણફલે ।
ઇમે નેત્રે ગોત્રાધરપતિકુલોત્તંસકલિકે
તવાકર્ણાકૃષ્ટસ્મરશરવિલાસં કલયતઃ ॥ ૫૨॥

પર્વતરાજના કુળની મુખ્ય કળી, આ તારાં
બંને નેત્રો બાણની માફક કાનની પાસે પહોચેલાં
અને બાણના પાછળના ભાગની માફક પાંપણો

ધરાવે છે તથા ત્રિપુરનો નાશ કરનારુ શંકરની શાંતિ-
નો ભંગ કરનાર, ફળ (બાણના આગળના ભાગ) ધરાવે
છે અને કાન સુધી ખેંચાયેલાં આ નયનો કામદેવના
બાણનું કામ કરે છે।

વિભક્તત્રૈવર્ણ્યં વ્યતિકરિતલીલાઞ્જનતયા
  વિભાતિ ત્વન્નેત્રત્રિતયમિદમીશાનદયિતે ।
પુનઃ સ્રષ્ટું દેવાન્ દ્રુહિણહરિરુદ્રાનુપરતાન્
  રજઃ સત્ત્વં બિભ્રત્તમ ઇતિ ગુણાનાં ત્રયમિવ ॥ ૫૩॥

હે મહાદેવની પ્રેયસી,તારાં ત્રણે નેત્રો ત્રણ
રંગનાં અંજન લગાડવાથી જુદા જુદા ત્રણ રંગથી
ચમકે છે અને મહાપ્રલયને અંતે અંતર્ધાન થઇ
ગયેલા બ્રહ્મા,વિષ્ણુ અને રુદ્રને ફરી ઉત્પન્ન કરવા
માટે રજસ, સત્વ અને તમસ એ ત્રણ ગુણોને જાણે
ધારણ કરતાં હોય એમ લાગે છે।

પવિત્રીકર્તું નઃ પશુપતિપરાધીનહૃદયે
  દયામિત્રૈર્નેત્રૈરરુણધવલશ્યામરુચિભિઃ ।
નદઃ શોણો ગઙ્ગા તપનતનયેતિ ધ્રુવમમું
  ત્રયાણાં તીર્થાનામુપનયસિ સંભેદમનઘમ્ ॥ ૫૪॥

હે પશુપતિ (ભગવાન શંકર)ને હૃદય અર્પ ણ
કરનારી દેવિ ! તારાં લાલ,ધોળાં અને શ્યામ તથા
દયામય નેત્રો વડે તું શોણ,ગંગા અને યમુના એ ત્રણ
મોટી નદીઓનો જાણે પવિત્ર તીર્થરૂપ સંગમ
બનાવે છે।

નિમેષોન્મેષાભ્યાં પ્રલયમુદયં યાતિ જગતી
  તવેત્યાહુઃ સન્તો ધરણિધરરાજન્યતનયે ।
ત્વદુન્મેષાજ્જાતં જગદિદમશેષં પ્રલયતઃ
  પરિત્રાતું શઙ્કે પરિહૃતનિમેષાસ્તવ દૃશઃ ॥ ૫૫॥

હે હિમાલયની પુત્રી,તું જ્યારે તારાં નેત્રો બંધ
કરે છે ત્યારે જગતનો પ્રલય થાય છે અને નેત્રો ઉઘાડે
છે ત્યારે જગતનો ઉદ્ભવ થાય છે એમ સંતો કહે છે।

આ સમગ્ર જગત પ્રલય પછી તારાં નેત્રો ઊઘડવાથી
જન્મ પામ્યું છે અને મને લાગે છે કે,જાણે એનુ
સંપૂર્ણ રક્ષણ કરવાની તારી આંખોએ મિચાઇ જવાનું
બંધ કર્યું છે।

તવાપર્ણે કર્ણેજપનયનપૈશુન્યચકિતા
   નિલીયન્તે તોયે નિયતમનિમેષાઃ શફરિકાઃ ।
ઇયં ચ શ્રીર્બદ્ધચ્છદપુટકવાટં કુવલયમ્
   જહાતિ પ્રત્યૂષે નિશિ ચ વિઘટય્ય પ્રવિશતિ ॥ ૫૬॥

હે અપર્ણા,હમેશ ઉઘાડી આંખવાળી માછલી
તો સદાય પાણીમાં છુપાયેલી રહે છે। એમને એવો
ભય રહે છે કે,ક્યાંક તારાં નયનો ઈર્ષ્યાવશ થઈને એમની
ચાડી તારા કાનમાં ન ખાય; અને લક્ષ્મી સવાર થાય
ત્યારે કબાટની માફક બંધ થઈ જનારા કુમુદને છોડીને
જતી રહે છે અને રાતે એમને ખોલીને પ્રવેશ કરે છે।

દૃશા દ્રાઘીયસ્યા દરદલિતનીલોત્પલરુચા
   દવીયાંસં દીનં સ્નપય કૃપયા મામપિ શિવે ।
અનેનાયં ધન્યો ભવતિ ન ચ તે હાનિરિયતા
   વને વા હર્મ્યે વા સમકરનિપાતો હિમકરઃ ॥ ૫૭॥

હે શિવે,તારી જરાક વિકસેલા ભૂરા કમળ જેવી
મનોહર દૃષ્ટિ વડે દૂર રહેલા મારા જેવા દીનને પણ્
કૃપા કરીને સ્નાન કરાવ (મારા પર દષ્ટિ નાખ અને
સ્નાન કરવાથી પવિત્ર થવાય છે તેમ પવિત્ર બનાવ) !
આને લીધે (હું) ધન્ય બની જઈશ અને વળી તને
નુકસાન નહી થાય; કારણ કે વનમાં કે મહેલમાં
ચંદ્રનાં કિરણો તો એકસરખાં જ પડે છે।

અરાલં તે પાલીયુગલમગરાજન્યતનયે
   ન કેષામાધત્તે કુસુમશરકોદણ્ડકુતુકમ્ ।
તિરશ્ચીનો યત્ર શ્રવણપથમુલ્લઙ્ઘ્ય વિલસ-
   ન્નપાઙ્ગવ્યાસઙ્ગો દિશતિ શરસંધાનધિષણામ્ ॥ ૫૮॥

દેવીના કાનની બૂટ

હે પર્વતરાજપુત્રી, તારા બંને કાનની વાંકી બૂટ
કામદેવના (પુષ્પનું બાણ્ ધારણ કરનારના) બાણ જેવું
આકર્ષણ કોને નહી કરે ? આ કાનની બૂટ આગળ
વધીને તારા તીરછા કટાક્ષ કાનની બૂટ ઓળંગીને
કાન સુધી પહોંચેલાં બાણ જેવાં દેખાય છે।

સ્ફુરદ્ગણ્ડાભોગપ્રતિફલિતતાટઙ્કયુગલં
   ચતુશ્ચક્રં મન્યે તવ મુખમિદં મન્મથરથમ્ ।
યમારુહ્ય દ્રુહ્યત્યવનિરથમર્કેન્દુચરણં
   મહાવીરો મારઃ પ્રમથપતયે સજ્જિતવતે ॥ ૫૯॥

દેવીનાં કુંડળો
તારા ચમકતા ગાલ પર તારાં કર્ણફૂલોનું (કુંડળોનું)
પ્રતિબિંબ પડે છે। (અને તેથી) મને લાગે
 કે, તારું મુખ ચાર પૈંડાવાળો કામદેવનો રથ છે। એના
પર બેસીને મહાન વીર કામદેવ સૂર્ય અને ચંદ્ર જેનાં
પૈડાં છે એવા પૃથ્વીના રથ પર યુદ્ધ માટે સજ્જ થયેલા
ભગવાન શંકરનો સામનો કરે છે।

સરસ્વત્યાઃ સૂક્તીરમૃતલહરીકૌશલહરીઃ
   પિબન્ત્યાઃ શર્વાણિ શ્રવણચુલુકાભ્યામવિરલમ્ ।
ચમત્કારશ્લાઘાચલિતશિરસઃ કુણ્ડલગણો
   ઝણત્કારૈસ્તારૈઃ પ્રતિવચનમાચષ્ટ ઇવ તે ॥ ૬૦॥

દેવીનાં કુંડળનો અવાજ
હે શર્વાણી ! સરસ્વતીની મધુર વાણી અમૃતની
લહરીથી પણ ચડી જાય છે। આ વાણીને કાનરૂપી
પાત્રથી તું પીએ છે અને પ્રશંસા માટે તુ મસ્તક
હલાવે છે, એ સમયે તારાં કુંડળો ઝણઝણી ઊડે
અને જાણે કે ૐ કારના ઉચ્ચાર કરીને (બરાબર
એમ કહીને) પડઘો પાડે છે।

અસૌ નાસાવંશસ્તુહિનગિરિવંશધ્વજપટિ
   ત્વદીયો નેદીયઃ ફલતુ ફલમસ્માકમુચિતમ્ ।
વહન્નન્તર્મુક્તાઃ શિશિરતરનિશ્વાસગલિતં

સમૃદ્ધ્યા યત્તાસાં બહિરપિ ચ મુક્તામણિધરઃ ॥ ૬૧॥

દેવીનું નાક

હે હિમાલયના વંશની પતાકા, તારા નાકનું
આ ટેરવું અમને તરત જ ફળ આપનાર બનો;અથવા
અમારા માટે એના પર યાગ્ય ફળ લાગો; કારણ કે
એની અંદર તારા શીતળ ઉચ્છવાસથી મોતી બને છે
અને એમના ડાબા નસકોરામાં એટલી સમૃદ્ધિ છે કે,
એક મુક્તામણી બહાર પણ દેખાય છે।

પ્રકૃત્યા રક્તાયાસ્તવ સુદતિ દન્તચ્છદરુચેઃ
પ્રવક્ષ્યે સાદૃશ્યં જનયતુ ફલં વિદ્રુમલતા ।
ન બિમ્બં તદ્બિમ્બપ્રતિફલનરાગાદરુણિતં
તુલામધ્યારોઢું કથમિવ વિલજ્જેત કલયા ॥ ૬૨॥

દેવીના હોઠ

હે સુંદર દાંતવાળી (દેવિ), કુદરતી રીતે જ
લાલ એવા તારા હોઠોની શોભાની તુલના કરે એવા
પદાર્થોનાં નામ હું કહું છું। જો પરવાળાની (લાલ)
લતાને ફળ આવે તો પણ એ ફળની આકૃતિ (પૂરતી)
નથી; કારણ કે એની લાલાશ તો તારા શરીરની
લાલાશનું પ્રતિબિંખ માત્ર છે। એ સહેજ પણ તુલના
કરવામાં આવતાં શા માટે શરમાઈ ન જાય ?

સ્મિતજ્યોત્સ્નાજાલં તવ વદનચન્દ્રસ્ય પિબતાં
ચકોરાણામાસીદતિરસતયા ચઞ્ચુજડિમા ।
અતસ્તે શીતાંશોરમૃતલહરીમમ્લરુચયઃ
પિબન્તિ સ્વચ્છન્દં નિશિ નિશિ ભૃશં કાઞ્જિકધિયા ॥ ૬૩॥

દેવીનું વદન

તારા ચંદ્ર જેવા મુખમાંથી (વરસતી) વ્યાપક,
સ્મિતરૂપી ચાંદની અત્યંત મધુર છે અને તેને લીધે
ચકોર પક્ષીઓની ચાંચો (વધુ પડતો રસ પીવાથી)
જડ થઈ ગઈ છે,એટલે તેઓ ચંદ્રના ખાટા અમૃતને
(એની લહેરીને) ઇચ્છા પ્રમાણે કાંજી સમજીને ખૂબ

પીએ છે।

અવિશ્રાન્તં પત્યુર્ગુણગણકથામ્રેડનજપા
  જપાપુષ્પચ્છાયા તવ જનનિ જિહ્વા જયતિ સા ।
યદગ્રાસીનાયાઃ સ્ફટિકદૃષદચ્છચ્છવિમયી
  સરસ્વત્યા મૂર્તિઃ પરિણમતિ માણિક્યવપુષા ॥ ૬૪॥

દેવીની જીભ
હે જનનિ, પતિના અનેક ગુણોની કથા વારંવાર
અટક્યા વગર ગાનારી તથા જાસૂદના પુષ્પ જેવા રંગ
ભરી જીભ વિજય પામે છે। સ્ફટિકના પથ્થર જેવું સ્વરૂપ
ધરાવતી સરસ્વતીનું શરીર આ જીભના આગળના
ભાગ પર હોવાથી માણેકના શરીર જેવું બની જાય।

રણે જિત્વા દૈત્યાનપહૃતશિરસ્ત્રૈઃ કવચિભિર્-
  નિવૃત્તૈશ્ચણ્ડાંશત્રિપુરહરનિર્માલ્યવિમુખૈઃ ।
વિશાખેન્દ્રોપેન્દ્રૈઃ શશિવિશદકર્પૂરશકલા
  વિલીયન્તે માતસ્તવ વદનતામ્બૂલકબલાઃ ॥ ૬૫॥

દેવીના પાનનો મહિમા
હે માતા, લડાઈના મેદાનમાં રાક્ષસોને
જીતીને એમના માથાનાં રક્ષણ કરનાર સાધનો તથા
બખ્તરો (કવચ) ઉતારી લઈને પાછા ફરેલા સ્કંદ,ઇંદ્ર
અને વિષ્ણુને અને શિવજીના નિર્માલ્યનો (પૂજામાં ચડાવેલો
અમલ વગેરેનો) ભાગ ચંડનો હોવાથી મળતો નથી।
પરતુ ચંદ્ર જેવા સ્વચ્છ કપૂરના કટકા ધરવતા તથા
તારા મુખમાં રહેલા પાનના કટકા તેમા ગહણ કરે છે,

વિપઞ્ચ્યા ગાયન્તી વિવિધમપદાનં પશુપતેઃ
  ત્વયારબ્ધે વક્તું ચલિતશિરસા સાધુવચને ।
તદીયૈર્માધુર્યૈરપલપિતતન્ત્રીકલરવાં
  નિજાં વીણાં વાણી નિચુલયતિ ચોલેન નિભૃતમ્ ॥ ૬૬॥

દેવીની વાણી
સરસ્વતી (ભગવાન) શંકરનાં વિવિધ પરાકમોનું
ગાન વીણા સાથે કરે છે, ત્યારે તું ડોક હલાવીને

“બરાબર છે” એમ કહેવાની શરૂઆત કરે છે ત્યારે તારી
વાણીની મધુરતા આગળ વીણાનો અવાજ પણ
ઝંખવાઇ જાય છે આને તેથી સરસ્વતી પોતાની વીણાને
દેખાય નહી તેવી રીતે કપડામાં વીંટી લે છે।

કરાગ્રેણ સ્પૃષ્ટં તુહિનગિરિણા વત્સલતયા
  ગિરીશેનોદસ્તં મુહુરધરપાનાકુલતયા ।
કરગ્રાહ્યં શમ્ભોર્મુખમુકુરવૃન્તં ગિરિસુતે
  કથઙ્કારં બ્રૂમસ્તવ ચિબુકમૌપમ્યરહિતમ્ ॥ ૬૭॥

દેવીની હડપચી
તારી હડપચીને વાત્સલ્યથી હિમાલય આંગળીથી
અડકતા હતા અને હવે હોઠ પર ચુંબન કરવા માટે
ભગવાન શંકર આકુળતાથી ઊંચી કરે છે, હે પર્વત-
રાજની પુત્રી, તારા મુખરૂપી અરીસાનો એ છેડો
ભગવાન શંકરના હાથથી જ ઊંચો કરવા યોગ્ય છે।
હડપચીને કશાની ઉપમા જ આપી શકાય તેમ ન
હોવાથી અમે એનું વર્ણન કેવી રીતે કરીએ ?

ભુજાશ્લેષાન્ નિત્યં પુરદમયિતુઃ કણ્ટકવતી
  તવ ગ્રીવા ધત્તે મુખકમલનાલશ્રિયમિયમ્ ।
સ્વતઃ શ્વેતા કાલાગુરુબહુલજમ્બાલમલિના
  મૃણાલીલાલિત્યમ્ વહતિ યદધો હારલતિકા ॥ ૬૮॥

દેવીની ડોક
ભગવાન શંકરના (બે) હાથ વડે હંમેશાં આલિંગન
કરવાને લીધે રોમાંચ અનુભવતી તારી ડોક મુખરૂપી કમળની
દાંડી જેવી શોભાયમાન છે, તે (ડોક) પોતે તો શ્વેત
છે પણ લાંબા સમય સુધી અગરુનો ગાઢ લેપ કરેવાથી
મલિન દેખાય છે અને તેની નીચે હાર પહેરેલો છે।

ગલે રેખાસ્તિસ્રો ગતિગમકગીતૈકનિપુણે
  વિવાહવ્યાનદ્ધપ્રગુણગુણસંખ્યાપ્રતિભુવઃ ।
વિરાજન્તે નાનાવિધમધુરરાગાકરભુવાં
  ત્રયાણાં ગ્રામાણાં સ્થિતિનિયમસીમાન ઇવ તે ॥ ૬૯॥

દેવીના ગળા પરની ત્રણ રેખાઓ
ગતિ,ગમક અને ગીતમાં સંપૂણ નિપુણ (એવી દેવિ)
તારા કંઠ પર (સૌભાગ્યશાળી) ત્રણ રેખાઓ
પડેલી છે અને તે વિવાહના સમયે બાંધેલા અનેક
દેરીઆવાળા સૌભાગ્યસૂત્ર જેવી છે। તે અનેક પ્રકારના
મધુર રાગના આશ્રયસ્થાન બનેલા ત્રણ ગ્રામના સ્થિતિ,
નિયમ અને સીમા જેવી શાભે છે। (ગતિ,ગમક અને
ગીત સંગીતના ત્રણ પ્રકારો છે। ગતિ=સંગીતના માર્ગ
અને દેશી નામના પ્રકાર। ગમક=સ્વરનું કંપન,ગીત=
સંગીતતા શબ્દો, ગ્રામ=સંગીતના સ્વરો, સ્થિતિ,
નિયમ અને સીમા એ સંગીતના ક્રમ છે।)

મૃણાલીમૃદ્વીનાં તવ ભુજલતાનાં ચતસૃણાં
ચતુર્ભિઃ સૌન્દર્યં સરસિજભવઃ સ્તૌતિ વદનૈઃ ।
નખેભ્યઃ સન્ત્રસ્યન્ પ્રથમમથનાદન્ધકરિપો-
શ્ચતુર્ણાં શીર્ષાણાં સમમભયહસ્તાર્પણધિયા ॥ ૭૦॥

દેવીની ભુજાઓ,
અગાઉ શિવજીએ નખો વડે (બ્રહ્માના પાંચમા
શિરનું) ઉચ્છેદન કર્યું ત્યારે ગભરાઇ ગયેલા બ્રહ્માએ
(બાકીનાં) ચાર મસ્તકની રક્ષા માટે તારા અભયદાન
આપનાર ચાર ભુજના શરણમાં પાતાની બુદ્ધિ સમર્પણ
કરી હતી અને કમળની દાંડી જેવા કોમળ તારી ચાર
ભુજાના સૌંદર્ય ની સ્તુતિ બ્રહ્મા ચાર મુખથી કરે છે।

નખાનામુદ્દ્યોતૈર્નવનલિનરાગં વિહસતાં
કરાણાં તે કાન્તિં કથય કથયામઃ કથમુમે ।
કયાચિદ્વા સામ્યં ભજતુ કલયા હન્ત કમલં
યદિ ક્રીડલ્લક્ષ્મીચરણતલલાક્ષારસછણમ્ ॥ ૭૧॥

દેવીના હાથ
હે ઉમા, તારા (હાથના) નખોનો પ્રકાશ નવા
ખીલેલા કમળની રતાશની મશ્કરી કરે છે। આવા
હાથના સૌંદર્યનું અમે કેવી રીતે વર્ણન કરીએ તે

અમને કહે। જો કીડા કરતી લક્ષ્મી પાતાના અળતાથી
(લાલ) રંગેલા પગ કમળ પર મૂકે તો કદાચ એ
કમળની સાથે અંશમાત્ર એની તુલના થઈ શકે।

સમં દેવિ સ્કન્દદ્વિપવદનપીતં સ્તનયુગં
 તવેદં નઃ ખેદં હરતુ સતતં પ્રસ્નુતમુખમ્ ।
યદાલોક્યાશઙ્કાકુલિતહૃદયો હાસજનકઃ
 સ્વકુમ્ભૌ હેરમ્બઃ પરિમૃશતિ હસ્તેન ઝડિતિ ॥ ૭૨॥

દૈવીતુ સ્તનયુગલ
હે દેવિ, તારા સદાય (અમૃત)ઝરતા બન્ને
સ્તનો અમારો ખેદ હરી લો। કાર્તિકેય અને ગણેશ
એકસાથે સ્તનપાન કરતા હોય ત્યારે આ બન્ને
સ્તનને જોઇ ન શકવાથી આકુળ બનેલા હૃદયવાળા
ગણેશ પાતાના કુંભસ્થળને હાથ વડે જલદી શોધી
રહ્યા (તમને) હસાવી રહ્યા છે। (અર્થાત્
ગણેશને દેવીના કુંભસ્થળ જેવા સ્તનો જોઈ શંકા જાય
છે કે આ મારું મસ્તક તો નથી ને ?)

અમૂ તે વક્ષોજાવમૃતરસમાણિક્યકુતુપૌ
 ન સંદેહસ્પન્દો નગપતિપતાકે મનસિ નઃ ।
પિબન્તૌ તૌ યસ્માદવિદિતવધૂસઙ્ગરસિકૌ
 કુમારાવદ્યાપિ દ્વિરદવદનક્રૌઞ્ચદલનૌ ॥ ૭૩॥

હે હિમાલયની પતાકા, તારા આ સ્તનો અમૃત-
રસના (ભરેલા) માણેકના (બનાવેલા) કુપ્પા (તેલ
ભરવાના જૂના જમાનાનાં સાધનો) બાબતમાં
અમારા મનમાં જરાય શંકા નથી; કારણ કે એમનું
સ્તનપાન કરવાથી ગણેશ અને કાર્તિકેય આજે પણ
કુંવારા જ રહ્યા છે,

વહત્યમ્બ સ્તમ્બેરમદનુજકુમ્ભપ્રકૃતિભિઃ
 સમારબ્ધાં મુક્તામણિભિરમલાં હારલતિકામ્ ।
કુચાભોગો બિમ્બાધરરુચિભિરન્તઃ શબલિતાં
 પ્રતાપવ્યામિશ્રાં પુરદમયિતુઃ કીર્તિમિવ તે ॥ ૭૪॥

દેવીનો હાર
હે માતા,તારી છાતીના ભાગ પર તેં ગજાસુરન
મસ્તકરૂપી કુંભસ્થળમાંથી નીકળેલા મોતીઓની
નિર્મલ માળા પહેરી છે। એના ઉપર તારા હોઠનો
(લાલ) પ્રકાશ પડવાથી તે લાલ દેખાય છે। આને
લીધે તારી માળા જાણે કે,ભગવાન શંકરની પ્રતાપ-
શાળી કીર્તિ જેવી છે।

તવ સ્તન્યં મન્યે ધરણિધરકન્યે હૃદયતઃ
પયઃપારાવારઃ પરિવહતિ સારસ્વતમિવ ।
દયાવત્યા દત્તં દ્રવિડશિશુરાસ્વાદ્ય તવ યત્
કવીનાં પ્રૌઢાનામજનિ કમનીયઃ કવયિતા ॥ ૭૫॥

દેવીના સ્તન્યનો મહિમા
હે પર્વતરાજની કન્યા, હું માનું છું કે, તારા
સ્તનોમાંથી દૂધનો જે સાગર વહે છે તે જાણે કે,સાક્ષાત્
જ્ઞાન છે,તે દયાળુ બનીને આ દૂધ આપ્યું હોવાથી
તારા આ દ્રવિડ (જાતિના) બાળકે (શ્રીમદ્ શંકરાચાર્યે)
પ્રૌઢ કવિઓની માફક મનોહર કાવ્ય રચ્યું છે।

હરક્રોધજ્વાલાવલિભિરવલીઢેન વપુષા
ગભીરે તે નાભીસરસિ કૃતસઙ્ગો મનસિજઃ ।
સમુત્તસ્થૌ તસ્માદચલતનયે ધૂમલતિકા
જનસ્તાં જાનીતે તવ જનનિ રોમાવલિરિતિ ॥ ૭૬॥

દેવીની રોમાવલિ
હે પર્વત(રાજ)ની પુત્રી, હે માતા,(કામદહન
સમયે) ભગવાન શંકરના ક્રોધની જ્વાળાઓથી લપેટા-
યેલા શરીરવાળા કામદેવે તારી નાભિરૂપી ખૂબ ઊંડા
સરોવરમાં ડૂબકી મારી; અને મનુષ્ય એમ જણે છે કે
આને લીધે જે ધુમાડાની સેર નીકળી એ જ તારી
આ રોમાવલિ છે।

યદેતત્ કાલિન્દીતનુતરતરઙ્ગાકૃતિ શિવે
કૃશે મધ્યે કિંચિજ્જનનિ તવ યદ્ભાતિ સુધિયામ્ ।

વિમર્દાદન્યોऽન્યં કુચકલશયોરન્તરગતં
 તનૂભૂતં વ્યોમ પ્રવિશદિવ નાભિં કુહરિણીમ્ ॥ ૭૭॥

હે શિવે, હે માતા, યમુનાના ખૂબ પાતળા
તરંગો જેવા આકાર ધરાવતી આ રોમાવલિ તારી
પાતળી કેડના ભાગમાં જરાક દેખાય છે તે સદ્બુદ્ધિ
ધરાવનારાઓને એવી લાગે છે કે જાણે તારા સ્તનોરૂપી
કળશો એકબીજાની સાથે ઘસાવાને લીધે એમની વચ્ચે
રહેલુ આકાશ પાતળું બની જઈને નાભિરૂપી ગુફામાં
પ્રવેશે છે।

સ્થિરો ગઙ્ગાવર્તઃ સ્તનમુકુલરોમાવલિલતા-
 કલાવાલં કુણ્ડં કુસુમશરતેજોહુતભુજઃ ।
રતેર્લીલાગારં કિમપિ તવ નાભિર્ગિરિસુતે
 બિલદ્વારં સિદ્ધેર્ગિરિશનયનાનાં વિજયતે ॥ ૭૮॥

દેવીની નાભિ
હે પર્વત(રાજ)ની પુત્રી,તારી નાભિ જય પામે
છે। એને આટલા પ્રકારની ઉપમા આપી શકાય–
ગંગાનાં વમળ, સ્તનરૂપી વિકસેલાં પુષ્પો ધારણ કરનાર
રેમાવલીની લતાનું રેખાઓવાળું પાત્ર, કામદેવના
તેજરૂપી અગ્નિને ધારણ કરનાર (હવનને) કુંડ, રતિનું
ક્રીડાસ્થળ અથવા ભગવાન શંકરના જય માટે સિદ્ધિ
પ્રાપ્ત કરવા (તપ કરવા) ગુફાનું દ્વાર છે।

નિસર્ગક્ષીણસ્ય સ્તનતટભરેણ ક્લમજુષો
 નમન્મૂર્તેર્નારીતિલક શનકૈસ્ત્રુટ્યત ઇવ ।
ચિરં તે મધ્યસ્ય ત્રુટિતતટિનીતીરતરુણા
 સમાવસ્થાસ્થેમ્નો ભવતુ કુશલં શૈલતનયે ॥ ૭૯॥

દેવીના પેટનો મધ્યભાગ
હે પર્વત(રાજ)ની પુત્રી, તારા (પેટના) મધ્ય-
ભાગની સરખી અથવા સારી સ્થિતિમાં રહો। આ
મધ્યભાગ કુદરતી રીતે જ પાતળો છે અને સ્તનરૂપી
કિનારાના ભારથી થાકી જવાથી તારું સ્વરૂપ ઝૂકી

જાય છે અને તેને લીધે તે તારા નાભિના ભાગ પાસે
રેખાએ પર ધીમે ધીમે નદીના તટ પર તૂટતાં વૃક્ષો
માફક ઝૂકી પડતા દેખાય છે।

કુચૌ સદ્યઃસ્વિદ્યત્તટઘટિતકૂર્પાસભિદુરૌ
  કષન્તૌ દોર્મૂલે કનકકલશાભૌ કલયતા ।
તવ ત્રાતું ભઙ્ગાદલમિતિ વલગ્નં તનુભુવા
  ત્રિધા નદ્ધં દેવિ ત્રિવલિ લવલીવલ્લિભિરિવ ॥ ૮૦॥

દેવીના પેટની ત્રણ રેખાઓ
હે દેવિ,તારી બગલ ઘસાવાને લીધે જલદી જલદી
પરસેવા થવાથી કિનારી પરથી ચોળીના છેડા ફાટી
જાય છે અને તેથી તારા સુવર્ણના કળશ જેવા ચમ-
કતા સ્તનોના હાલવાને લીધે તૂટતા બચાવવા જોડાણની
જરૂર છે એમ માનીને કામદેવે (પેટ પર) એક
મનોહર વેલને ત્રેવડી કરીને બાંધી દીધી હોય
એમ લાગે છે।

ગુરુત્વં વિસ્તારં ક્ષિતિધરપતિઃ પાર્વતિ નિજા-
  ન્નિતમ્બાદાચ્છિદ્ય ત્વયિ હરણરૂપેણ નિદધે ।
અતસ્તે વિસ્તીર્ણો ગુરુરયમશેષાં વસુમતીં
  નિતમ્બપ્રાગ્ભારઃ સ્થગયતિ લઘુત્વં નયતિ ચ ॥ ૮૧॥

દેવીની સાથળ
હે પાર્વતિ, પર્વતરાજ (હિમાલયે) પોતાની
સાથળમાંથી ભારે વિસ્તાર કાપીને તને દાયજારૂપે
આપ્યા, આને લીધે તારા સાથળના આ વિશાળ
વિસ્તારનો ભાર આખી પૃથ્વીની ગતિને રોકી રાખે છે
તથા (તેના વિસ્તારની સરખામણીમાં) પૃથ્વી નાની
લાગે છે।

કરીન્દ્રાણાં શુણ્ડાન્ કનકકદલીકાણ્ડપટલી-
  મુભાભ્યામૂરુભ્યામુભયમપિ નિર્જિત્ય ભવતી ।
સુવૃત્તાભ્યાં પત્યુઃ પ્રણતિકઠિનાભ્યાં ગિરિસુતે
  વિધિજ્ઞે જાનુભ્યાં વિબુધકરિકુમ્ભદ્વયમસિ ॥ ૮૨॥

દેવીનાં ધૂંટણ

હે પર્વત(રાજ)ની પુત્રી, હે વેદોને જાણનારી, મોટા હાથીઓની સૂંઢને અને સુવર્ણની કેળના થાંભલાના સમૂહને તારાં બંને ધૂંટણ વડે જીતી લે છે અને પતિને પ્રણામ કરતાં કરતાં સખત બની ગયેલાં એવાં બંને ધૂંટણો (જાણે) બીજા દિકપાલરૂપી હાથીઓનાં કુંભસ્થળ છે।

પરાજેતું રુદ્રં દ્વિગુણશરગર્ભૌ ગિરિસુતે
  નિષઙ્ગૌ જઙ્ઘે તે વિષમવિશિખો બાઢમકૃત ।
યદગ્રે દૃશ્યન્તે દશશરફલાઃ પાદયુગલી-
  નખાગ્રચ્છદ્માનઃ સુરમકુટશાણૈકનિશિતાઃ ॥ ૮૩॥

દેવીની જંધાઓ

હે પર્વત(રાજની પુત્રી,કામદેવ માટે તારી બંને જંધાઓ એ રુદ્રને જીતવા માટે બમણાં તીરોથી ભરેલા કામદેવના (બાણના) ભાથા જેવી છે। આ બાણના ભાથામાં તારા બન્ને પગના નખના આગળના ભાગને ઢાંકતા હોય એવા દસ બાણના આગળના ભાગ (જણાય) છે અને તેમને દેવોના મુગટરૂપી સરાણ પર ચઢાવીને અણીદાર (તેજસ્વી) બનાવેલા છે।

શ્રુતીનાં મૂર્ધાનો દધતિ તવ યૌ શેખરતયા
  મમાપ્યેતૌ માતઃ શિરસિ દયયા ધેહિ ચરણૌ ।
યયોઃ પાદ્યં પાથઃ પશુપતિજટાજૂટતટિની
  યયોર્લાક્ષાલક્ષ્મીરરુણહરિચૂડામણિરુચિઃ ॥ ૮૪॥

દેવીના ચરણો

હે માતા, તારાં ચરણો ઊંચા હોવાથી વેદોના મસ્તક ઉપર રહેલા એ જ બે ચરણોને દયા કરીને મારા મસ્તક ઉપર મૂક। તારા પગ પૂજવાથી ઝરતું પાણી એ જ (જાણે કે) ભગવાન શંકરની જટાના ગુચ્છામાંથી નીકળતી નદી (ગંગા) એના આ પગની નીચેના ભાગમાં લગાડેલા અળતાની

ચમક વિષ્ણુના વાળમાં ધારણ કરેલા લાલ મણિની
ચમક જેવી છે।

નમોવાકં બ્રૂમો નયનરમણીયાય પદયો-
સ્તવાસ્મૈ દ્વન્દ્વાય સ્ફુટરુચિરસાલક્તકવતે ।
અસૂયત્યત્યન્તં યદભિહનનાય સ્પૃહયતે
પશૂનામીશાનઃ પ્રમદવનકઙ્કેલિતરવે ॥ ૮૫॥

નયનને રમણીય લાગતા અને અળતાની પાર-
દર્શક કાંતિથી ચમકતા બંને ચરણોને પ્રણામ હો; એમ
અમે કહીએ છીએ। (આ ચરણોથી બગીચામાં તું
અશોક વૃક્ષને ઠેસ મારે છે અને તેથી એવી રીતે) આ
ચરણોથી સ્પર્શ પામવા માટે ભગવાન શંકર તારા
ક્રીડાના બગીચામાં અશોક વૃક્ષની અદેખાઈ કરે છે।

મૃષા કૃત્વા ગોત્રસ્ખલનમથ વૈલક્ષ્યનમિતં
લલાટે ભર્તારં ચરણકમલે તાડયતિ તે ।
ચિરાદન્તઃશલ્યં દહનકૃતમુન્મૂલિતવતા
તુલાકોટિક્વાણૈઃ કિલિકિલિતમીશાનરિપુણા ॥ ૮૬॥

ઇંદ્રિયોને જીતનાર (તારા પતિને) તેં ચળાવ્યા
હોવાથી તેમનું કપાળ લજ્જાથી નમી ગયું છે। અને
તેના પર તું તારા ચરણકમળથી પ્રહાર કરે છે। કામ-
દેવને ભસ્મીભૂત કરી નિમૂળ કરી નાખવામાં આવ્યો
હોવાથી લાંબા સમયથી એના હૃદયમાં તીર ખૂ ચી
ગયું હોય એવી પીડા થતી તારા ઝાંઝરની
ધૂઘરીઓના અવાજથી (જાણે કે) ખિલખિલાટ કરીને
હસી રહ્યો છે।

હિમાનીહન્તવ્યં હિમગિરિનિવાસૈકચતુરૌ
નિશાયાં નિદ્રાણં નિશિ ચરમભાગે ચ વિશદૌ ।
વરં લક્ષ્મીપાત્રં શ્રિયમતિસૃજન્તૌ સમયિનાં
સરોજં ત્વત્પાદૌ જનનિ જયતશ્ચિત્રમિહ કિમ્ ॥ ૮૭॥

હે જનનિ,તારા બંને ચરણકમળ જય પામે
એમાં આશ્ચર્ય શું છે ! તારાં ચરણકમળ હિમા-

લયમાં (પણ) કુશળતાથી રહી શકે છે, જયારે (કમળ)
હિમથી નાશ પામે છે, કમળ રાતે બિડાઈ જાય છે જયારે
તારાં ચરણકમળ રાતે તથા દિવસે ખીલેલાં રહે છે।
તે ઇષ્ટ લક્ષ્મીના આધાર છે; જ્યારે આ ચરણકમળ
તારા ભક્તોને અત્યંત લક્ષ્મી આપે છે।

પદં તે કીર્તીનાં પ્રપદમપદં દેવિ વિપદાં
    કથં નીતં સદ્ભિઃ કઠિનકમઠીકર્પરતુલામ્ ।
કથં વા બાહુભ્યામુપયમનકાલે પુરભિદા
    યદાદાય ન્યસ્તં દૃષદિ દયમાનેન મનસા ॥ ૮૮॥

હે દેવિ,તારા ચરણો કીર્તિઓનાં વિશિષ્ટસ્થાનરૂપ છે
અને ત્યાં આપત્તિ રહેતી નથી। શા માટે સત્પુરુષોએ
એને કાચબાની પીઠની ઉપમા આપી હશે ? આ
ચરણો એટલા કામળ છે કે વિવાહ સમયે ભગવાન
શંકરે દયામય મનથી મુશ્કેલીથી ગ્રહણ કરીને પથ્થર
પર મૂક્યા હતા।

નખૈર્નાકસ્ત્રીણાં કરકમલસંકોચશશિભિ-
    સ્તરૂણાં દિવ્યાનાં હસત ઇવ તે ચણ્ડિ ચરણૌ ।
ફલાનિ સ્વઃસ્થેભ્યઃ કિસલયકરાગ્રેણ દદતાં
    દરિદ્રેભ્યો ભદ્રાં શ્રિયમનિશમહ્નાય દદતૌ ॥ ૮૯॥

હે ચંડિ, તારા ચરણો પાતાના નખ વડે કલ્પ-
વૃક્ષોની હાંસી ઉડાવે છે। આ નખો દેવાંગનાઓના
હાથરૂપી કમળોને (નમસ્કારથી) બંધ કરવાને માટે
(દસ) ચંદ્ર જેવા છે। કલ્પવૃક્ષ તે સ્વર્ગમાં રહેનારા
સ્વાવલંબી દેવતાઓને પોતાના પલ્લવરૂપી હાથના
આગળના ભાગોથી ફળ આપે છે; પરંતુ તારા ચરણો
દરિદ્રોને હમેશાં તરત પુષ્કળ ધન આપે છે,

દદાને દીનેભ્યઃ શ્રિયમનિશમાશાનુસદૃશી-
    મમન્દં સૌન્દર્યપ્રકરમકરન્દમ્ વિકિરતિ ।
તવાસ્મિન્ મન્દારસ્તબકસુભગે યાતુ ચરણે
    નિમજ્જન્મજ્જીવઃ કરણચરણઃ ષટ્ચરણતામ્ ॥ ૯૦॥

આ તારા ચરણો મંદારવૃક્ષનાં પુષ્પોના ગુચ્છા
જેવાં સુંદર છે। મારા (પાંચ જ્ઞાનેંદ્રિય અને એક
અંતઃકરણરૂપી) છ ચરણવાળો આ જીવ (છ
પગવાળો ભમરો) બનીને તારા ચરણોમાં મગ્ન બની
જાવ। તારા આ ચરણો ગરીબોને એમની આશા પ્રમાણે
લક્ષ્મી આપ્યા કરે છે અને સૌંદર્યરાશિના પરાગને
ખૂબ ફેલાવે છે।

પદન્યાસક્રીડાપરિચયમિવારબ્ધુમનસઃ
 સ્ખલન્તસ્તે ખેલં ભવનકલહંસા ન જહતિ ।
અતસ્તેષાં શિક્ષાં સુભગમણિમઞ્જીરરણિત-
 ચ્છલાદાચક્ષાણં ચરણકમલં ચારુચરિતે ॥ ૯૧॥

હે મનોહર ચરિત્રવાળી,એમ લાગે છે કે તારા
ભવનમાં (રહેલા) રાજહંસો ચાલતી વખતે તારી
ચાલનો પરિચય મેળવવા તારી ગતિનો ત્યાગ કરતા
નથી। (તારી પાછળ તારી ચાલનું અનુકરણ કરે
છે।) અને તું ચાલે છે ત્યારે ચરણકમળો પરના મણિથી
જડેલાં ઝાંઝરો ઝણકાર કરતાં હોવાથી એ
અવાજ એમને (જાણે કે) ચાલવાનું શિક્ષણ આપી
રહ્યો છે।

ગતાસ્તે મઞ્ચત્વં દ્રુહિણહરિરુદ્રેશ્વરભૃતઃ
 શિવઃ સ્વચ્છચ્છાયાઘટિતકપટપ્રચ્છદપટઃ ।
ત્વદીયાનાં ભાસાં પ્રતિફલનરાગારુણતયા
 શરીરી શ‌ૃઙ્ગારો રસ ઇવ દૃશાં દોગ્ધિ કુતુકમ્ ॥ ૯૨॥

દેવીનાં ગાત્રો
બ્રહ્મા, હરિ,રુદ્ર અને ઈશ્વર વડે તારા પલંગના
ચાર પાયા ધારણ કરવામાં આવ્યા છે। (આ ચાર
પાયા તે મૂલાધાર,સ્વાધિષ્ઠાન, મણિપુર અને અના-
હતચક્ર।) એના ઉપર શિવ એ પ્રકાશવાળી કપટરૂપી
માયાની ચાદર છે। એ ચાદર તારા પ્રકાશની ઝલકને
લીધે લાલાશ પડતી લાગે છે। આને લીધે એમ લાગે

કે, જાણે શ ृંગારરસ સાક્ષાત્ બનીને દષ્ટિમાં કુતૂહલ
ઉત્પન્ન કરી રહો છે।

અરાલા કેશેષુ પ્રકૃતિસરલા મન્દહસિતે
 શિરીષાભા ચિત્તે દૃષદુપલશોભા કુચતટે ।
ભૃશં તન્વી મધ્યે પૃથુરુરસિજારોહવિષયે
 જગત્રાતું શમ્ભોર્જયતિ કરુણા કાચિદરુણા ॥ ૯૩॥

(હે દેવિ) (તારા) કેશ કુદરતી રીતે જ લીસા
હોવાથી વાંકડિયા છે, મુખ પર સ્મિત છે,અંગો
શિરીષ જેવાં ચમકતાં છે, સ્તનોના છેડા પથ્થર જેવા
કઠોર છે,મધ્યમા (કેડનો ભાગ) પાતળો છે,
સાથળો વિશાળ છે। આવી (જાણે કે) શંભુની લાલાશ
પડતી દયા જગતના રક્ષણ માટે જય પામે છે।

કલઙ્કઃ કસ્તૂરી રજનિકરબિમ્બં જલમયં
 કલાભિઃ કર્પૂરૈર્મરકતકરણ્ડં નિબિડિતમ્ ।
અતસ્ત્વદ્ભોગેન પ્રતિદિનમિદં રિક્તકુહરં
 વિધિર્ભૂયો ભૂયો નિબિડયતિ નૂનં તવ કૃતે ॥ ૯૪॥

દેવીના શ ृંગારનો કરંડિયો
(હે દેવિ), ચંદ્રનુ બિંબ એક મરકત મણિના
બનાવેલા કરંડિયા જેવું છે,એમાં જે કાળો ડાઘ છે તે
કસ્તૂરી છે। અને એની ચમકતી કળાઓ કપૂર જેવી છે।
બંનેને પાણીમાં પીસીને તારા શ ृંગાર માટે કરંડિયામાં
રાખેલ છે। દર રાત્રિએ તે વપરાય છે આને બ્રહ્મા
કરીને દિવસે તેને વારંવાર ભરે છે।

પુરારાતેરન્તઃપુરમસિ તતસ્ત્વચ્ચરણયોઃ
 સપર્યામર્યાદા તરલકરણાનામસુલભા ।
તથા હ્યેતે નીતાઃ શતમખમુખાઃ સિદ્ધિમતુલાં
 તવ દ્વારોપાન્તસ્થિતિભિરણિમાદ્યાભિરમરાઃ ॥ ૯૫॥

દેવીના ચરણની પૂજા
(હે દેવિ), તું ભગવાન શંકરના અંતઃપુરની
રાણી છે એટલે તારા ચરણની સંપૂર્ણ પૂજા ચંચળ

ઇંદ્રિયાવાળા (મનુષ્યો માટે) સહેલી નથી અને ઇંદ્ર
જેમની આગળ છે એવા દેવાના સમૂહ તારા દ્વારની
પાસે ખડી રહેલી અણિમા વગેરે અતુલ સિદ્ધિઓ
પહોંચી જાય છે।

કલત્રં વૈધાત્રં કતિકતિ ભજન્તે ન કવયઃ
 શ્રિયો દેવ્યાઃ કો વા ન ભવતિ પતિઃ કૈરપિ ધનૈઃ ।
મહાદેવં હિત્વા તવ સતિ સતીનામચરમે
 કુચાભ્યામાસઙ્ગઃ કુરવકતરોરપ્યસુલભઃ ॥ ૯૬॥

દેવીનું પવિવ્રત
વિધાતાની સ્રી સરસ્વતીને શું અનેક કવિજને
ભજતા નથી ? અથવા કોણ થોડું પણ ધનવાન બનીને
લક્ષ્મીનો પતિ બની જતો નથી ? પરંતુ હે સતીઓમાં
શ્રેષ્ઠ સતિ,મહાદેવને છોડીને તારા સ્તનોનો સંગ તે
કુરબક તરુને પણ દુર્લ ભ છે,

ગિરામાહુર્દેવીં દ્રુહિણગૃહિણીમાગમવિદો
 હરેઃ પત્નીં પદ્માં હરસહચરીમદ્રિતનયામ્ ।
તુરીયા કાપિ ત્વં દુરધિગમનિઃસીમમહિમા
 મહામાયા વિશ્વં ભ્રમયસિ પરબ્રહ્મમહિષિ ॥ ૯૭॥

પરબ્રહ્મની પટરાણી
હે પરબ્રહ્મની પટરાણી, શાસ્રોને જાણનારાઓ
બ્રહ્માની પત્નીને સરસ્વતી-વાગ્દેવી કહે છે, વિષ્ણુની
પત્નીને પદ્મા (કમલા) કહે છે, મહાદેવની પત્નીને
પાર્વતી કહે છે, પરંતુ તું મહામાયા કોઇ ચોથી જ
છે। તારા મહિમા અસીમ છે। તેં સારા ય વિશ્વ-
ને ભ્રમમાં નાખી દીધું છે અને તને જાણવાનું
કઠિન છે।

કદા કાલે માતઃ કથય કલિતાલક્તકરસં
 પિબેયં વિદ્યાર્થી તવ ચરણનિર્ણેજનજલમ્ ।
પ્રકૃત્યા મૂકાનામપિ ચ કવિતાકારણતયા
 કદા ધત્તે વાણીમુખકમલતામ્બૂલરસતામ્ ॥ ૯૮॥

ચરણના જલનો મહિમા

હે મા,એ બતાવ કે એવો સમય કયારે આવશે
 કે,જયારે હું એક વિદ્યાર્થી તારા ચરણ પૂજવાથી
ઝરેલું અને અળતો મિશ્ર થવાથી લાલ બનેલું જળ
(ચરણોદક) પીશ ? આ ચરણોદક-સરસ્વતીના મુખ-
રૂપી કમળમાંથી નીકળેલા પાનના રસ જેવો આ
રસ જન્મથી મૂંગાને પણ કવિતા કરવાની શક્તિ
આપે છે।

સરસ્વત્યા લક્ષ્મ્યા વિધિહરિસપત્નો વિહરતે
 રતેઃ પાતિવ્રત્યં શિથિલયતિ રમ્યેણ વપુષા ।
ચિરં જીવન્નેવ ક્ષપિતપશુપાશવ્યતિકરઃ
 પરાનન્દાભિખ્યમ્ રસયતિ રસં ત્વદ્ભજનવાન્ ॥ ૯૯॥

દેવીના ભક્તનો મહિમા

તારી ભક્તિ કરનાર મનુષ્ય સરસ્વતી અને લક્ષ્મી
બંનેને પ્રાપ્ર કરીને બ્રહ્મા અને વિષ્ણુની માફક એમનો
સ્વામી બની જાય છે અને વિહરે છે। વળી તે મનોહર
શરીર પ્રાપ્ર કરી રતિનાં પાતિવ્રતને શિથિલ કરી નાખે
છે તે પાતાના સંસારી જીવનનાં બંધનોમાંથી મુક્ત
બનીને લાંબા સમય સુધી પરમ આનંદને રસ-
સ્વાદ લે છે।

પ્રદીપજ્વાલાભિર્દિવસકરનીરાજનવિધિઃ
 સુધાસૂતેશ્ચન્દ્રોપલજલલવૈરર્ઘ્યરચના ।
સ્વકીયૈરમ્ભોભિઃ સલિલનિધિસૌહિત્યકરણં
 ત્વદીયાભિર્વાગ્ભિસ્તવ જનનિ વાચાં સ્તુતિરિયમ્ ॥ ૧૦૦॥

સ્તોત્રના ઉપસંહાર

હે જનનિ, તારી આપેલી વાણીની શક્તિને લીધે
આ સ્તુતિ કરી છે,એ દીપકની જ્યોતિથી સૂર્યની
આરતી ઉતારવા જેવું છે, ચંદ્રકાંત મણિમાંથી ટપ-
કતાં જલબિંદુઓથી ચંદ્રને અર્ધ્ય આપવા જેવું છે
અથવા સમુદ્રનો સત્કાર એના જ જલથી કરવા

જેવું છે।

સમાનીતઃ પદ્ભ્યાં મણિમુકુરતામમ્બરમણિ-
　ર્ભયાદન્તઃસ્તિમિતકિરણશ્રેણિમસૃણઃ ।
દધાતિ ત્વદ્વક્ત્રંપ્રતિફલનમશ્રાન્તવિકચં
　નિરાતઙ્કં ચન્દ્રાન્નિજહૃદયપઙ્કેરુહમિવ ॥ ૧૦૧॥

દેવીનું દર્પણ
આકાશનો મણિ અર્થાત્ સૂર્ય તારા ચરણો પાસે
હોવાથી દર્પણ તરીકે કામ આપે છે,તારા મુખના
ભયથી એણે પાતાનાં કિરણોના સમૂહને અંદર છુપાવી
લીધો હોવાથી તે સ્વચ્છ છે અને તારા મુખનું પ્રતિ-
બિંબ એના હૃદયકમળની માફક હમેશાં વિકસિત
રહે છે અને ચંદ્રનો ભય લાગતો નથી।

સમુદ્ભૂતસ્થૂલસ્તનભરમુરશ્ચારુ હસિતં
　કટાક્ષે કન્દર્પઃ કતિચન કદમ્બદ્યુતિ વપુઃ ।
હરસ્ય ત્વદ્ભ્રાન્તિં મનસિ જનયામ્ સ્મ વિમલા
　ભવત્યા યે ભક્તાઃ પરિણતિરમીષામિયમુમે ॥ ૧૦૨॥

દેવીની વ્યાપકતા
હે ઉમે, ઉપર રહેલા તારા સ્થૂલ સ્તનોના ભાર-
વાળો છાતીનો ભાગ,સુંદર હાસ્ય અને કટાક્ષમાં
કંદર્પ અને કદંબ વૃક્ષની શોભાવાળું શરીર શિવના
મનમાં તારી યાદ આપીને ભ્રમ ઉત્પન્ન કરે છે; કારણ કે
તારા પવિત્ર ભકતોના હૃદયમાં તારું પ્રતિબિંબ
બરાબર તારા જેવું જ દેખાય છે।

નિધે નિત્યસ્મેરે નિરવધિગુણે નીતિનિપુણે
　નિરાઘાતજ્ઞાને નિયમપરચિત્તૈકનિલયે ।
નિયત્યા નિર્મુક્તે નિખિલનિગમાન્તસ્તુતિપદે
　નિરાતઙ્કે નિત્યે નિગમય મમાપિ સ્તુતિમિમામ્ ॥ ૧૦૩॥

સમર્પણ
સદાય હસમુખી,અસીમ ગુણની સાગર,
નીતિમાં નિપુણ, નિરતિશય જ્ઞાનવતી,નિયમ પરા-

યણ ભક્તોના ચિત્તમાં વસનારી,વિધિના નિયમોથી મુક્ત,સર્વ શાસ્રો જેના પદની સ્તુતિ કરે છે એવી અભયે, સનાતની,નિત્યે મારી આ સ્તુતિ સ્વીકાર કરીને મને તારા નિગમોમાં સ્થાન આપ।

॥ અત્રે શ્રીમત્શંકરાચાર્ય વિરચિત સૌંદર્યલહરીનું ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ ॥

॥ ઇતિ શ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યસ્ય
શ્રીગોવિન્દભગવત્પૂજ્યપાદશિષ્યસ્ય
શ્રીમચ્છઙ્કરભગવતઃ કૃતૌ સૌન્દર્યલહરી સમ્પૂર્ણા

॥ ૐ તત્સત્ ॥

DPD

Saundaryalahari with Gujarati translation
pdf was typeset on October 28, 2019

Please send corrections to *sanskrit@cheerful.com*